Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૧૫ · તા. ૦૫ થી ૧૧ એપ્રિલ ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## ભલારાદાદાની પહેડીમાં વિક્રમી સંખ્યામાં ભાવિકો સહભાગી થયા





શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા ચૈત્ર સુદ એકમ ગુડીપડવાના દિવસે કાલીદાસ કમ્પાઉન્ડમાં યોજાયેલ ભલારા દાદા સમુહ પહેડીમાં ૫૨૦૦થી વધુ એટલે કે હંમેશ કરતા લગભગ ૧૦૦૦ જેટલા વધુ ભાવિકો સહભાગી થયા હતા.

આ પ્રસંગે લાલપુર ખાતે નિર્માણાધિન ભવ્ય સંકુલની પ્રગતિની ઝલક બતાવીને તેને માટે ભંડોળ એકઠું કરવા નામની સ્લીપો પ્રાપ્ત કરવાની વિવિધ યોજના માટે નામો નોંધવામાં આવ્યા હતા. આ યોજનાને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો.







ગુજરાતમાં જામનગર જિલ્લામાં લાલપુર ગામે આવેલ ભલારા દાદાના મુખ્યધામ ખાતે આકાર લઈ રહી રહેલ ભવ્ય સંકુલનું મોડલ (જમણે) અને અત્યાર સુધી થઈ ચુકેલ કામનો ફોટો (ડાબે)



આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 15/2014

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## ક.દ.ઓ. આગેકુચ..... વારસા કરતા પ્રેરણા મહાન છે -

તિલકચંદ કુંવરજી લોડાયા ચેન્નઈ Email : ourbrotherhood@yahoo.co.in

ટાઈમ્સ ઓફ ઈંડિયાની ૧૩મી ઓગસ્ટ ૨૦૧૩ના અંકમાં પ્રસ્તુત એક સર્વેના સમાચાર પ્રમાણે વિશ્વભરના આજના ૧૦૦ સૌથી વધુ ધનવાન લોકોમાં ૨૭ વારસો મેળવનાર અને ૭૩ સ્વાવલંબનથી સમૃધ્ધ થયેલા છે. સ્વાવલંબનથી સમૃધ્ધ બનેલાઓમાં ૧૫ પાસે કોલેજની ડીગ્રી નથી અને ૩૬ ગરીબ મા - બાપોનું સંતાન છે કેટલાક અબજપતિઓ તો ડિગ્રી કે ધનવાન મા - બાપ બન્નેમાંથી કાંઈ ધરાવતા નથી. બીજા શબ્દોમાં કહીએ સર્વોચ્ચ સિધ્ધી મેળવનારાઓ જન્મજાત નથી હોતા તેઓ સ્વયં નિર્મિત હોય છે. માત્ર પૈસાની વાત નથી, સર્વ રીતે જોતાં વ્યક્તિને શ્રેષ્ઠતમ સિધ્ધી અપાવનાર બહારની અનકુળતા નહીં પણ તેનો પોતાનો સંઘર્ષ હોય છે.

આપણી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ માટે પણ આ વાત સાચી છે. આજના મોટાભાગના અતિ શ્રીમંતો (વારસા - જમીન જાયદાદ સિવાય ૧૦૦ કરોડથી વધુ બનાવનાર, જેમાંથી કેટલાક તો પ્રતિકુળતાવાળા વાતાવરણ અને નાના શહેરોમાંથી આવે છે. એ દરેકની પોતાની આગવી સંઘર્ષ - સફળતાની કથાઓ છે. અગાઉના અતિ ધનવાનોના સંતાનો તો બીજી કે ત્રીજી પેઢી પછી જાહેર જીવનમાં ગણના માટે અદ્રશ્ય થઈ ગયા છે.

બધામાં અબજોપતિ બનવાની ક્ષમતા હોય જ છે. પોતાની ક્ષમતાનો વિકાસજ વ્યક્તિને અબજેપતિ કે આગવી સિધ્ધિ મેળવનાર બનાવે છે. કુદરતની બક્ષીસ તો બધાને સરખી રીતે મળેલી હોય છે. એ મેળવનાર પર નિર્ભર છે કે તે એનો ઉપયોગ કરે કે ન કરે. તથાકથિત વંચિતો હકીકતમાં વિશેષ મેળવનારા લોકો હોય છે. પોતાની પાસે નથી એવી ભાવના તેમને મેળવવાની આંતરિક પ્રેરણા પુરી પાડે છે. તેઓ જ્યારે બીજાઓને પ્રગતિ કરતા જુએ છે ત્યારે તેમના મનમાં આગળ વધવા જોરદાર આકર્ષણ ઊભું થાય છે. આ ભાવના તેમના જીવનને કંઈક ખાસ બનાવવાની જોરદાર મહેચ્છામાં પરિવર્તિત થાય છે.

વંચિતતાનો દરેક તબક્કો એવુંકઈ તોફાન મનમાં લાવે છે જે તેમનામાં આંતરિક જુસ્સો જગાવે છે. તેઓ પોતાની પુર્ણ ક્ષમતાથી સ્પર્ધાના વિશ્વ માં ઝંપલાવે છે. તેઓ **કરેંગે યા મરેંગે**નું સુત્ર અપનાવે છે.... અને આ જુસ્સોજ તેમને સફળતા તરફ દોરી જાય છે.

ભાગ્યશાળીઓની બાબતમાં એ તો મોઢામાં સોના - ચાંદીની ચમચી લઈને જન્મ્યા હતાં એવું કહેવાય છે. આ પ્રકારનું જન્મજાત વાતાવરણ વ્યક્તિને એવા સંતોષ ભરી દે છે જે મોટે ભાગે આગળ વધવાની પ્રેરણાને ખતમ કરી દે છે. જ્યારે મોઢામાં સોના - ચાંદીની ચમચી (સાનુકુળ સ્થિતી) વગર જન્મેલ વ્યક્તિ એક આંતરિક અંજપાથી ભરેલી હોય છે, જે તેના મનને સક્રિય બનાવે છે.... અને કઠોર પરિશ્રમ કરવાની આંતરિક ભાવના પ્રગટાવે છે.

વ્યક્તિ પોતાની મહેનતથી ખુબજ ઉપર ઉઠી હોય અને તેમના સંતાનો સરેરાશ નીકળ્યા હોવાના ઘણા દાખલા મળે છે. તેનું કારણ દેખીતું છે. માતા - પિતાએ પોતાના જીવનની શરૂઆત અંજપાથી જાગેલા જુસ્સાથી કરેલી, જ્યારે તેમના સંતાનો અમારી પાસે તો બધું છે જ... એવા ભાવથી ચલાવી લે છે. આ કારણ માતા - પિતા અને સંતાનોમાંના ફરક માટે જવાબદાર છે.

સાધારણ કુટુંબમાં જન્મીને સંઘર્ષ દ્વારા સફળતાને વરેલા પાસેથી સંપત્તિ ઉપરાંત પણ એક વધુ ચીજ હોય છે, બૌદ્ધિક વિકાસ. તેના સંજોગો આપમેળે તેના મનમાં બૌદ્ધિક ઉથલપાથલ પેદા કરે છે. આ સંઘર્ષ તેની આંતરિક ક્ષમતાને બહાર લાવે છે અને પરિણામસ્વરૂપ તે બૌદ્ધિક રીતે વિકસીત વ્યક્તિ તરીકે સામે આવે છે.

આ સંબંધમાંનો કુદરતનો નિયમ કહે છે નિરાંત નહીં પણ પ્રયાસ, સુવિધા નહીં પણ પ્રતિકુળતા.... સામાન્ય માણસોને સિધ્ધિને વરેલા બનાવે છે. એટલે તેમને માટે ભવિષ્ય આશા અને અવસરોથી ભરેલું હોય છે.

એટલે દોસ્તો, ક્યારેક એવા બહાના આગળ ન ધરશો કે તમારી કૌટુંબિક પાશ્વભુ સધ્ધર નહોતી કે તમે ગામ કે નાના શહેરમાંથી આવો છો, તેથી તમે સફળ નથઈ શક્યા. તમને જણીતી શાળા કે ઉચ્ચ સ્તરવાળા સારા મિત્રો ન મળ્યા કે તમારી ઉંચાઇને માટેના સારા ન હોતા એવી બહાનેબાજીન કરતા.

ક.દ.ઓ. જ્ઞાતિના અને બીજા શુન્યમાંથી સર્જન કરનારાને આદર્શ બનાવી તમે ઊંચા શિખરો સર કરી શકો અને નવા ચીલે ચાલી સફળતા મેળવી શકો.

અત્યારે ૪૫ પાર કરેલા સફળ કે.ડી.ઓ.ને જોઈએ તો સમજાય છે કે એમાંના મોટા ભાગના એ પોતાની કારકિર્દીનો પ્રારંભ સાનુકુળ સ્થિતિમાં નહોતો કર્યો.

આપણા સમુહમાં, રાષ્ટ્રમાં અને વિશ્વમાં આજે સફળતા પ્રેરક સામાજિક આંતરમાળખું વિકસી રહ્યું છે. તેનો પુરે પુરો લાભ લો.

ટી.વી., કેબલ, નેટવર્ક, મોબાઈલ, ઈંટરનેટથી મળેલ માહિતીનો પુરો ઉપયોગ કરી તમારા ધ્યેયો પુરા કરો.

તમે જ્યારે તમારા વારેલા મુકામ પર પહોંચી જાવ, તે પછી તમારા સમુદાયના ભાઈ - બહનોનો ખ્યાલ રાખી બધાને વિકાસના પંથે લઈ જવાની નીતિ અપનાવો. હૃદયમાં અંકુર ફુટે નહીં, ત્યાં સુધી પ્રગતિની હાળખીઓ ફેલાતી નથી. અસાધારણ સિધ્ધિની તમન્ના અંતરથી જ ઉઠે છે. ક્ષમતા જુસ્સો જગાડતી નથી પણ જુસ્સો ક્ષમતા પેદા કરે છે.

આ હું કર્ણાટકના નાના શહેરમાં અપુરતાં શૈક્ષણિક સાધનો છતાં જુસ્સાથી આવકવેરા ખાતાની ટોચની પદવી પર પહોંચવાના જાત અનુભવ પરથી કહું છું. મારા જાત અનુભવના તારણ પરથી કહું છું કે સાનુકુળતા ધરાવનારા બધા સફળ થતા નથી અને પ્રતિકુળતા ધરાવનારા હંમેશા પ્રતિકુળતામાં રહેતા નથી. આપણો ભુતકાળ આપણા ભવિષ્ય પર હાવી ન થવો જોઈએ.

આપણે જે હતા અને આપણે જે છીએ તે જીવનમાં જે કાંઈ બન્યું તેના પરિણામ સ્વરૂપ છીએ. તમારા પ્રયત્નોમાં શું કચાશ રહી ગઈ તેના રોદણા રડવાને બદલે હવે આગળ વધવા તમારામાં કઈ ક્ષમતા બાકી છે તેની વાત કરો, તમને મળેલ મુશ્કેલીઓની નહિં... જો તમે ઉચ્ચ સ્તરનું જીવન ઝંખશો તોજ તમે તમારી જાતને શ્રેષ્ઠ જીવન આપી શકશો.

માતા - પિતા તરીકે તમારા બાળકોને જ્યાં તેમની શ્રેષ્ઠ ક્ષમતા પ્રગટ થાય તેમ હોય તે માર્ગ પસંદ કરવાની તકઆપો. બધા લોકો બધી વાતમાં સારા ન હોઈ શકે, પણ બધા લોકો પોતપોતાને ગમતી વાતમાં સારા હોઈ શકે. તમારા બાળકો કઈ વાતમાં સારા છે અને સફળ થઈ શકે એ શોધવું મા - બાપ તરીકેની સૌથી મોટી જવાબદારી છે. રૂમતના નિયમોને જાણી સારી રીતે રમો. આપણે પર્વત પર નહીં આપણી પર વિજય મેળવવાનો છે.

**અગાઉ પ્રગટ થયેલા અંગ્રેજી લેખનો ભાવાનુવાદ**

## અનંત યાત્રાની પ્રથમ પુણ્યતિથિએ સ્મરણાંજલિ



જન્મ :
તા. ૨૭.૧૦.૧૯૩૩

દેહ વિલય :
તા. ૦૯.૦૪.૨૦૧૩

# સ્વ. શ્રી ખીમજી કરમશી વિરપાર શાહ (લોડાયા)

## ગામ : મોટી ખાવડી - મુલુંડ

જીવન સફરમાં આપની અણધારી વિદાય, સૌના માટે વજ્રઘાત સમી હતી....
વિદાયનું આ એક વરસ આંખના પલકારાની જેમ વીતી ગયું, છતાંયે આપ સાથે છો...
એવું લાગ્યા કરે છે અને હરક્ષણે આપણી ઉપસ્થિતિનો આભાસ લાગ્યા કરે છે...
.....કારણ કે .....

''મળે છે દેહ માટીમાંથી પણ
માનવીનું નામ જીવે છે !
મૃત્યુ પામે છે માનવી પોતે પણ...
તેના સત્કર્મો જીવે છે !!!''

જાહેર જીવનના મોભી, વહીવટકર્તા, કલા અને સંસ્કૃતિ પ્રેમી, આપશ્રીની સરળતા, સાદગી, વિનમ્રતા, સૌ પ્રત્યે સ્નેહભાવ, કૌટુંબિક વાત્સલ્યતા, ગામ - સમાજ - શાસન માટે નિષ્ઠાભાવે સમર્પિત ભાવ, સર્વ ધર્મ સમભાવ - ધીર - ગંભીરતા જેની સુગંધ આજે પણ ચોમેર પ્રસરી રહી છે..

આપના આવાજ સદગુણોની સુવાસના સથવારે અને સ્મૃતિઓના સંગાથે
અમો સર્વે જીવન પથને ઉજ્જવળ અને ગતિમાન બનાવવા શક્તિમાન બની રહીએ,
એજ કૃપાળુ દેવને પ્રાર્થના સહ નત મસ્તકે ભાવાંજલિ અર્પિત કરીએ છીએ.

આપશ્રીનો પવિત્ર આત્મા જયાં હો ત્યાં શાશ્વત સુખને પામો એજ પરમાત્માને અભ્યર્થના.

''અંજલિ આપતાં શબ્દો ખુટે છે, શ્રધ્ધાંજલિ આપતા પૂષ્પો ખુટે છે....''
આપને હર હંમેશા યાદ કરનાર આપના પરિવારજનો

ધર્મપત્ની : જયવંતીબેન

પુત્ર - પુત્રવધુ : ગિરીશ - સંધ્યા, મહેશ - નુતન, બંકીમ - રીટા, મુકેશ - ગીતા,

પૌત્ર - પૌત્ર વધુ : પ્રિતેશ - શિખા,

પૌત્ર - પૌત્રી : ભક્તિ, ઉર્વેશ, કિંજલ, કુનાલ અને દૃષ્ટિ

સ્વ. માતુશ્રી લીલબાઇ કરમશી વીરપાર લોડાયા પરિવાર (મોટી - ખાવડી)

સ્વ. માતુશ્રી ચાંપબાઇ ટોકરશી પદમશી ધરમશી પરિવાર (નાની - ખાવડી)

## બૃહદ મુંબઈ ગુજરાતી સમાજની ચુંટણી : કારોબારીમાં, જ્ઞાતિ આગેવાન ચીમન મોતા પ્રથમ ક્રમાંકે



બૃહદ મુંબઈ ગુજરાતી સમાજની આગામી પાંચ વર્ષ માટે, શનિવાર તા. ૨૪.૦૩.૨૦૧૪ ના યોજાયેલ કારોબારી સમિતી અને ટ્રસ્ટ બોર્ડની ચુંટણીમાં કારોબારી અને ટ્રસ્ટ બોર્ડ બન્નેમાં વર્તમાન પ્રમુખશ્રી શ્રી હેમરાજભાઈ શાહનીપેનલ જવલત મતોથી વિજયી થઈ હતી. શ્રી ક.દ.ઓ. સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ અને મુલુંડ ગુજરાતી સમાજના સ્થાપક પ્રમુખશ્રી, શ્રી ચિમન મોતાએ કારોબારીમાં પ્રથમ ક્રમાંકે આવી પોતાની અજોડ લોક પ્રિયતાની સાબીતી આપી છે. તેઓ તન - મન દુર્સના સંચાલક છે.


શુભેચ્છા સહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાઓ સહ...
**સાંધવ રત્ન**
**શ્રી મુલજી રાઘવજી લોડાયા**
**MRL Group of Companies**

શુભેચ્છા સહ...
**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**
**UK KHMJI & CO.**
144, Vasant Market yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**
**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500


## મોતા તથા લોડાયા પરિવારનું ગૌરવ

# રિતેશ લલિત શાહ



(જન્મતારીખ : ૦૫/૧૨/૧૯૮૦) જલગાંવ-સુથરી
વર્તમાનમાં તા. ૨૦/૩/૨૦૧૪ ના લંડનની **Amazon.co.uk.ltd.**
માં **Sr. Manager** તરીકે ૩ વર્ષ માટે રવાના થયેલ છે.

**સિદ્ધીઓ –**
- ડિસેંબર ૨૦૧૩ માં **Insead Business School, France** માં થી આંતરરાષ્ટ્રીય એમ.બી.એ. ડિગ્રી પ્રાપ્ત.
- ૨૦૦૫ માં ટેક્સાસ યુનિર્વસિટી યુ.એસ.એ. થી **M.S. (Mechanical)** પદવી પ્રાપ્ત
- ૨૦૦૨ માં **COEP** પૂનામાંથી **B.E.(Mech.)** પદવી પ્રાપ્ત.

**સાહસ –**
- ૨૦૧૪ માં થાઈલેન્ડના ફુકેટ આઈલેન્ડમાં **Rock Climibing**
- ૨૦૧૨ માં હિમાલય બેસ કેમ્પ સુધી જઈ આવેલ છે.
- ૨૦૧૦ માં પેરૂના માચ્ચુપિછ્છુ પર્વતપર ૨૦ કિ.મી.નો ટ્રેકીંગ સફલતાપૂર્વક કરેલ છે.

**અત્યારસુધી ૩૦ અલગ અલગ દેશોની યાત્રા કરેલ છે.**

**હાર્દિક શુભેચ્છક**

| | |
|---|---|
| દાદા-દાદી | : સ્વ. માતુશ્રી વનિતાબાઈ વાલજી શામજી મોતા (સુથરી) |
| નાના-નાની | : માતુશ્રી દમયંતીબાઈ રતનશી કુંવરજી લોડાયા (સાંયરા) |
| માતા-પિતા | : અ.સૌ. તારા લલીત વાલજી શાહ (મોતા) જલગામ |
| મોટા ભાઈ-ભાભી | : અ.સૌ.કરાના ભાવેશ લલીત શાહ (પી.એચ.ડી.) અમેરીકા |
| ભત્રિજો | : ચિ. આર્ય ભાવેશ શાહ |

## ક.દ.ઓ. જ્ઞાતિ યુવા પ્રતિનિધિ વિનિમયના પ્રસ્થાવિત રાષ્ટ્ર સ્તરીય કાર્યક્રમની રૂપરેખા - તિલકચંદ કુંવરજી લોડાયા ચેન્નઈ Email : ourbrotherhood@yahoo.co.in

**શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન** અને **શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - ચેન્નઈ** દ્વારા વિવિધ શહેર - વિસ્તારોના યુવા પ્રતિનિધિઓ એક બીજાને શહેર જાય, તે માટેની મુલાકાત માટે રજાઓની અનુકુળતા હોય તેવા ૧૫-૧૬-૧૭ ઓગસ્ટ ૧૪ તથા ૩-૪-૫ ઓક્ટોબર ૨૦૧૪ના દિવસો સૂચવાયા છે.

આ કાર્યક્રમમાં ૧૫ વર્ષથી ૨૭ વર્ષના વય જુથના યુવક - યુવતીઓ ભાગ લઈ શકશે. છેલ્લા જ્ઞાતિ વસતી પત્રક પ્રમાણે આ વય જુથમાંની અપરણિત કન્યાઓની સંખ્યા ૧૧૧૬ તથા અપરણિત છોકરાઓની સંખ્યા ૧૩૬૫ છે.

આ વિનિમય કાર્યક્રમ અંતર્ગત એક વિસ્તારમાંની ક.દ.ઓ. કુલ વસતિના પ્રમાણમાં પ્રતિનિધિઓ અન્ય શહેરમાં જાય તેવી ધારણા રાખવામાં આવી છે.

વિવિધ વિસ્તારોમાં રહેતી જ્ઞાતિની વસતિની છણાવટને આધારે ૬૦ શહેર - જિલ્લા એટલે કે મુખ્ય શહેર કે શહેરો તથા તેની આસપાસના વિસ્તાર એમ એકમ બનાવવામાં આવ્યા છે. દરેક એકમ પોતાની વસતિ કૌંસમાંના આંકડા પ્રમાણે યુવા પ્રતિનિધિઓને આવા અન્ય એકમમાં મોકલશે.

બેંગલોર - માયસોરના ૮ (૪૦૦), હુબલી - કુમટા - સિરસી - મેંગલોરના ૧૦ (૬૦૦), ગદગ - કોપલ - યાલવિગિ - અકકીયાલુરના ૬ (૨૨૫), બિજાપુર - બાગલકોટ - લોકાપુરના ૪ (૮૦), બેલારી -ગુંટુરના ૨ (૫૦), રાયચુર - સઈદાપુર - કિષ્ણા - ગુલબર્ગા - અદોની - મહેબુબ નગરના ૩ (૮૦), ગોવા - બેલગામના ૩ (૬૯), કોચી - અર્નાકુલમ - કુભાંલમના ૯ (૪૩૦), અલપઈ - કવીલોન - ત્રિવેન્દ્રમના ૨ (૪૭), કલીકટ - બાડગરાના ૪ (૧૪૭), કોઈમ્બતુર - તિરપુર - સાલેમ - પોલાચી - ઈરોડના ૭ (૩૪૫), ચેન્નઈ - નાગરકોઈલ - પોંડીચેરીના ૨ (૮૦), હૈદરાબાદ - સિકંદરાબાદ, નિઝામાબાદ - વિકારાબાદ - વિજયવાડા - ગુંટુરના ૧૫ (૭૭૦), અહમદ નગરના ૨ (૮૪ +), ઔરંગાબાદના ૩ (૧૩૦+), ચાલીસગામના ૪ (૧૫૨), ધુલીયાના ૫ (૧૬૬), જલગામના ૧૦ (૩૯૫), જાલનાના ૨ (૯૫), સાંગલી - કરાડ- સાતારાના ૪ (૧૭૮), નાંદેડ - પરભણીના ૫ (૨૦૪), પુનાના ૮ (૩૭૧), સોલાપુરના ૨ (૭૯), કારંજાના ૨ (૧૯), નાગપુરના ૫ (૧૫૬+), નાસિક - નાસિક રોડના ૪ (૨૨૦), યવતમાલ -પુસદના ૨ (૭૮), ખામગામના ૩ (૧૫૧), મલકાપુરના ૩ (૧૫૨), અમલનેર - પારોલાના ૨ (૮૫), મુંબઈ - નવી મુંબઈ - પનવેલ - અલીબાગ - પાલઘર - અગાસીના ૧૩૩ (૧૬૫૦૧+), ભોપાલના ૪ (૧૦૨), ઈંદોરના ૫ (૩૩૨), ખંડવાના ૩ (૭૭), સેંધવાના ૫ (૧૪૦), બુરહાનપુરના ૩ (૧૬), રાયપુરના ૧૬ (૨૨૭), કલકત્તાના ૫ (૧૨૧+), અંકલેશ્વરના ૪ (૧૫૨), જામનગરના ૪ (૧૯૨), રાજકોટ - વેરાવળના ૩ (૯૮), સુરતના ૩ (૯૬), વડોદરાના ૧૨, (૫૧૫), વાપી - વલસાડના ૪ (૧૫૨), ગાંધીધામ - આદિપુર - અંતરજાળ - ગોપાલપુરીના ૨૦ (૮૩૫), ભુજ અને આસપાસના વિસ્તારના ૩ (૧૪૦), નલિયા અને અબડાસાના ગામોના ૪ (૨૩૪), ઉદયપુર અને આસપાસના વિસ્તારના ૨ (૩૪), મળી કુલ ૩૭૮ યુવા પ્રતિનિધિઓ જ્ઞાતિ વસવાટના શહેરોમાં અરસપરસ મુલાકાત લે તેવી યોજના છે.

ક્યા શહેર વિસ્તારના જ્ઞાતિજનો ક્યા શહેર વિસ્તારના જ્ઞાતિજનો પાસે કેટલાં યુવા પ્રતિનિધિ મોકલશે તેની કાચી વિગત આ પ્રમાણે છેઃ

કોચી - કલીકટ - અલપઈ અને હૈદરાબાદના ૧૫ યુવા પ્રતિનિધિ એક બીજાને ત્યાં જશે. નાગપુર અને ઈંદોરના ૫ યુવા પ્રતિનિધિઓ એક બીજાને ત્યાં જશે. મુંબઈ

અને અમદાવાદ સિવાયના ગુજરાત - કચ્છ - ઉદયપુરના ૫૫ યુવા પ્રતિનિધિ એકબીજાને ત્યાં જશે. અમદાવાદ અને ઈંદોર સિવાયના મધ્ય પ્રદેશના ૧૫ યુવા પ્રતિનિધિઓ એકબીજાને ત્યાં જશે. પુના - સોલાપુર - સાંગલી અને ચેન્નઈ - રાયચુર - બેલારીના ૧૪ યુવા પ્રતિનિધી એકબીજાને ત્યાં જશે. રાયચુર - બેલારી સિવાયના કર્ણાટક - ગોવા અને મુંબઈના ૩૧ યુવા પ્રતિનિધી એકબીજાને ત્યાં જશે. ઈંદોર અને નાગપુરના ૫ પ્રતિનિધિ એકબીજાને ત્યાં જશે. રાયપુર અને કલકત્તાના ૫ પ્રતિનિધિ એકબીજાને ત્યાં જશે. અહમદનગર - ઔરંગાબાદ - ચાલીસગામ - ધુલીયા - જલગાંવ - જાલના - નાંદેડ - કરાડ - નાસિક - નાસિક રોડ - યવતમાલ - પુસદ - ખામગાંવ - મલકાપુર - અમલનેર - પારોલા અને મુંબઈના ૪૧ યુવા પ્રતિનિધિ એકબીજાને ત્યાં જશે.

આ યુવા કાર્યક્રમની રૂપરેખા ઘડતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવામાં આવી છે.

(અ) એકબીજાના શહેરમાં પહોંચવા માટેનો ટ્રેન પ્રવાસનો સમય ૧૨ થી ૧૫ કલાકથી વધુ હોવો ન જોઈએ.

(બ) યુવા - વિનિમય કાર્યક્રમ ઓછામાં ઓછા ૩ દિવસ અને ૨ રાતનો રહેશે. આમાં કદાચ ટ્રેનના કનેકશનોને લીધે વધારો થઈ શકે.

(ક) હવામાન - મુસાફરીની તકલીફો - અને કાર્યક્રમ ગોઠવવા માટેનો સમય ઓછો મળે એ બાબત ધ્યાનમાં રાખીને ઉનાળાના રજાગાળાને બાકાત ગણવામાં આવ્યો છે. આ સમય ગાળા માટે ઘણા યુવા પ્રતિનિધિ પોતાના અન્ય કાર્યક્રમ બનાવી ચુક્યા હશે તથા આ સમયગાળા દરમિયાન ટિકિટો મેળવવી અઘરી છે એ વાતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.

પસદં કરાયેલા દિવસો રજા કે તેની આસપાસના છે અને વળી તે વખતે સંભવત : પરીક્ષાઓ પણ નહીં હોય. પ્રસ્તાવિત જ્ઞાતિ સંમેલનને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમ માટે ડિસેમ્બર મહિનો પણ અનુકુળ ગણવામાં નથી આવ્યો.

આ કાર્યક્રમના સાનુકળ અને સફળ સંગઠન, સમયપત્રક, વિષયવસ્તુ, રહેવાની વ્યવસ્થાની બાબતમાં યજમાન અને મહેમાન શહેર - વિસ્તારોને પૂર્ણ ફ્લેક્સીબીલીટી (અનુકુળતા) આપવામાં આવશે.

મુંબઈને એક એકમ નહીં માનવામાં આવે પણ મુંબઈને વિવિધ વિભાગોના મૂખ્ય શહેર - પરા પોતાની રીતે શહેર - વિસ્તાર એકમ મનાશે. દાખલા તરીકે મુલુંડ સંઘ, મુલુંડ અને આસપાસના વિસ્તારોને સાંકળીને એક એકમ તરીકે કામ કરશે.

યજમાન અને મહેમાન શહેર - વિસ્તાર સાથે મળી એકબીજાને ત્યાં મોકલવા - આવકારવાના યુવા પ્રતિનિધિઓની સંખ્યામાં વધારો કરી શકે.

શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજન તથા ચેન્નઈ મહાજન સંકલનકારની ભુમિકા ભજવશે અને શહેર એકમો એક બીજા સાથે સંકલનકારોને પણ સાંકળી વિગતવાર કાર્યક્રમ ઘડી શકશે.

યજમાન અને મહેમાનની ભુમિકા સંબંધી સર્વ સામાન્ય માર્ગદર્શિકાઓ ટુંકમાં જ શહેર - વિસ્તારોને મોકલી અપાશે.

પ્રવાસ ખર્ચ, યુવા પ્રતિનિધિઓએ તેમને સંબંધ હોય તે મહાજન સાથેની સમજુતી પ્રમાણે પુર્ણ કે અંશત ભોગવવાનો રહેશે.

રહેવાનું જ્ઞાતિજનોના ઘરે રહેશે એટલે યુવા પ્રતિનિધિએ ખાવા - રહેવાનો કોઈ ખર્ચ કરવાનો નહીં રહે. યજમાન શહેર - વિસ્તાર આસપાસના જાવાલાયક સ્થળોએ ફેરવવાની તથા અન્ય કાયક્રમોની વ્યવસ્થા કરશે. એ સંબંધો સંકલનકારની ભુમિકા ન જેવી હશે.

મુંબઈ મહાજનના ક્ષેત્રમાંના યુવા પ્રતિનિધિઓના સંબંધમાં સંકલનનું કામ ક.દ.ઓ. સમસ્ત મહાજન કરશે, બાકીના મહાજનો સાથે સંકલનનું કામ ચેન્નઈ મહાજન સંભાળશે.

# માતુશ્રી ના ચરણોં માં નમ્ર શ્રદ્ધા સુમન



સ્વર્ગવાસ - ૨૬.૦૩.૨૦૧૪ ઉમ્ર ૮૫ વર્ષ

## માતુશ્રી લક્ષ્મીબેન માણેકજી દેવજી મૈશેરી

કચ્છ નાની સિંધોડી, હાલ-રાયપુર (છ.ગ.)

" आपका कर्मशील जीवन वन्दनीय था।
आपके ऊंचे और सच्चे आदर्श, आज भी हमारा जीवन-पथ आलोकित कर रहे हैं।
हम उन्हीं आदर्शों का अनुकरण
करते हुए आपको श्रद्धासुमन अर्पित करते है।। "

**: શોકાકુલ પરિવાર :**

વિનોદચંદ્ર માણેકજી મૈશેરી - સૌ. નવલબેન વિનોદચંદ્ર મૈશેરી
પ્રવિણ માણેકજી મૈશેરી - સૌ. પ્રીતિબેન પ્રવિણ મૈશેરી
સૌ. પુષ્પાબેન દિનેશભાઈ લુઢીયા, રાયપુર
સૌ. વિજયાબેન પ્રવિણભાઈ દંડ, મલકાપુર
સૌ. હંસાબેન જનકભાઈ દંડ, મુલુંડ - યૂ.એસ.એ.
શ્રી ખીમજીભાઈ દેવજી મૈશેરી પરિવાર
શ્રી પારવીરભાઈ દેવજી મૈશેરી પરિવાર
શ્રી ઉમરશીભાઈ દેવજી મૈશેરી પરિવાર
શ્રી સોમચંદભાઈ દેવજી મૈશેરી પરિવાર
શ્રી નરપારભાઈ મેઘરાજ લોડાયા (શાહ) મોટી સિંધોડી
સૌ. પ્રિયા ગૌરવ મેપાણી, મુલુંડ
સૌ. પ્રાચી અંકુર શાહ, ઘાટકોપર
પાર્થ પ્રવિણ મૈશેરી

નેત્રદાન કરેલ છે. નેત્રદાન કરેલ છે.

અમારા દુઃખમાં એસ.એમ.એસ., ફોન અને રૂબરૂ સહભાગી સર્વેનું આભાર

ફર્મ : **મહાવીર ટ્રેડીંગ કંપની**, લક્ષ્મી નિવાસ, શેઠ નેમીચંદ ગલી, ગંજપારા, રાયપુર (છ.ગ.)
મો.: ૦૯૪૨૫૨-૦૨૨૦૩, ૦૯૪૨૫૫-૦૧૦૨૦, ૦૯૪૨૫૨-૦૭૨૫૧
ફોન : ૦૭૭૧-૨૨૯૩૪૦૦, ૪૦૩૧૦૩૬, ૨૨૯૩૪૦૧, ૪૦૩૧૬૧૪



**મરમજા મોતી :** બે પંક્તિમાં અંકિત
કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૫૧)
**- સોમ ધરમશી** (કચ્છ)-09726776627

***''તેજ સંસાર મેં સ્વારથ લા સૌ કો ઘસીં સરીર;***
***જ ખંધા ડીઍં ખીર તાં ખીલેં ગોંયું કેર બધે?''***

**શબ્દાર્થ :** સ્વારથ = સ્વાર્થ, ખંધા = વતરો (ગાય - ભેંસ ના ખાવોનો ખોરાક) નાંખવાની કુંડી = ખાણયું.

**ભાવાર્થ :** ગ્રામ જીવનમાં વસેલા કવિ **તેજ** સંસારનાં પાઠ શીખવવા સરસ ઉપમાનો ઉપયોગ કરતા હોય છે. અને તેથી એ રચના માર્મિક અને પ્રેરક બનતી હોય છે.

આ બે પંક્તિમાં કવિ લક્ષ્ય પ્રાપ્ત કરવા, મહેનત કરવા તરફ ગર્ભિત ઈશારો કરે છે. આ સંસારમાં ડગલે ને પગલે પોતાનો સ્વાર્થ સિધ્ધ કરવામાં માનવી મચી પડયો છે, તે માટે રાત દિવસ એક કરી મહેનત કરતો હોય છે. મહેનતનાં ફળ મીઠાં કહવેત એમજ નહીં પડી હોય.

કવિ રોચક દાખલો આપી સમજાવે છે કે ખંધા એટલે કે ગાય - ભેંસ ને ચારો નાખવાની કૂંડીમાં ઘાસ કે વતરો નાંખવાથી એ કાંઈ દુધ નથી આપી દેતી... ગાય એ ચારો ખાધા પછી... નિરાંતે વાગોળ્યા પછી... પચાવીને આપણને દુધ આપે છે. ગાય ભેંસને પાચનની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે, તેથી જ ઘેર ઘેર ગાય ભેંસનું લાલન - પાલન કરાય છે. તેને ફક્ત શોભા માટે ખીલે બાંધવામાં આવતી નથી.

આમ આ પંક્તિમાં મહેનતનો મહિમા સમજાવતાં કવિ ફક્ત સ્વાર્થ માટે જ નહીં પણ પરમાર્થ માટે પણ શરીરને ઘસવાની વાત કરે છે. મનુષ્યે પોતાના સ્વાર્થ, લક્ષ્ય માટે તો મહેનત કરવીજ જોઈએ પણ અન્યનાં ભલા માટે પણ કાર્યરત રહેવું જોઈએ.

સૃષ્ટિનાં સર્જનહારે દરેક પ્રકારનાં જીવો કુદરતમાં સર્જ્યા છે, જે નિરંતર જીવનોપયોગી અને સમાજોપયોગી કામ સ્વાર્થ વિના કરતા હોય છે. મનુષ્યને ઉદાહરણ લેવાનું મન થાય તે હેતુથી સંત કબીર આ સંસારમાં પરોપકાર કરનારની એક યાદી આપે છે. ચાલો આપણે પણ એ યાદીમાં જોડાઈએ.

***''તરવર, સરવર, સંતજન ચૌથે બરસે મેહ...***
***પરમાર્થ કે કારણે ચારોં ધરેં દેહ''***


જયશ્રી ભલારા દાદાય નમઃ

# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર

*દ્વારા આયોજન*

## લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

શ્રી ભલારાદાદાની અસીમ કૃપાથી અને દાતાશ્રીઓ તેમજ ભાવિકોના ઉદાર સહયોગથી દાદાના મૂળસ્થાનક શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩-૧૪ અને પૂનમ તા.૧૩,૧૪,૧૫ એપ્રિલ ૨૦૧૪ના ત્ર્યાન્હિકા મહોત્સવનું આયોજન છે. આ ધ્વજા મહોત્સવ પ્રસંગે દરરોજ આરતી, ભક્તિભાવના અને દાદાનો પાઠ રહેશે અને રાત્રે મહાઆરતી દીવડા રહેશે. આ મહોત્સવ પ્રસંગે સર્વે ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ છે.

卐 -: ખાસ નોંધ :- 卐

**નિશ્રામાં : શ્રી મોતીસાગરજી મ.સા.**

**સંગીતકાર ચેતના હરીયા અને પાર્ટી**

રવિવાર **તા.૧૩-૦૪-૨૦૧૪** સવારના ૮.૦૦ કલાકે મહાવીર સ્વામીનો વરઘોડો નીકળશે.
શ્રી ભલારાદાદાના સ્થાનથી લાલપુર ગામના ધર્મનાથ ભગવાનના દેરાસરે જશે. રાત્રે ભાવના રહેશે.
બપોરના ૩ વાગે મહાકાલી માં માતાજીની પર ભાવના.

સોમવાર **તા.૧૪-૦૪-૨૦૧૪** સવારે ૯.૦૦ કલાકે, શ્રી ભલારાદાદાના જાપ અથવા અનુસ્થાન બપોરના ૧૨.૩૯
રાત્રે ૧૦.૦૦ કલાકે શ્રી ભલારાદાદાના ભજન.

અઢાર અભિષેક રાખેલ છે. શ્રી ભલારાદાદા અને બાકીના બધા મુર્તીના
મંગળવાર **તા.૧૫-૦૪-૨૦૧૪** સવારના ૮.૩૦ કલાકે શ્રી ભલારાદાદાની ધ્વજા તથા વિવિધ ઉછામણીઓ. મોટી આરતી પછી દાદાનો ભંડારો રહેશે. સૂખડીનો પ્રસાદ સાંજે દાદાનો સમુહપાઠ રહેશે.

**શ્રી ભલારાદાદા લાલપુર સ્થાને : વ્યવસ્થા સંભાળનાર**
**વિરભદ્રભાઈ છે - 02895-273348, મો. : 09998123147**

**લિ. શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

॥ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ॥

# ૪૦૦ વર્ષથી અધિક પ્રાચીન મોડપર તીર્થ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

## કાર્યક્રમની આછેરી રૂપરેખા

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૫/૫/૧૪<br>રવિવાર | ૦૯.૦૦<br>૧૨.૫૫ | જલયાત્રા<br>ભગવાન-દેવી-ગુરૂભગવંતનો પ્રવેશ<br>*શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ-શ્રી સરસ્વતી દેવી અને શ્રી પદ્માવતી દેવીની નૂતન પ્રતિમા |
| ૨૬/૫/૧૪<br>સોમવાર | ૦૫.૦૦<br>૦૭.૦૦<br>૦૭.૩૦<br>૦૮.૦૦<br>૦૮.૩૦ | શ્રી કુંભ સ્થાપના<br>શ્રી અખંડ દીપક સ્થાપના<br>શ્રી જ્વારારોપણ<br>શ્રી માણેકસ્થંભરોપણ<br>શ્રી દેરાસરને તોરણ બાંધવાનું |
| ૨૭/૫/૧૪ થી ૩૧/૫/૧૪<br>મંગળવાર થી શનિવાર | ૯.૦૦ | સ્નાત્રપૂજા/વિવિધ પૂજનો/સાધ્વીજીઓનું વ્યાખ્યાન રહેશે |
| ૧/૬/૧૪<br>રવિવાર | ૦૬.૦૦<br>૦૭.૦૦<br>૦૭.૦૦<br>૦૮.૦૦<br>૦૮.૦૦<br>૦૮.૩૦<br>૦૯.૩૦<br>૦૯.૪૫<br>૧૦.૪૫<br>૦૨.૦૦<br>૦૩.૩૦ | શ્રી લઘુ નંદાવ્રત પૂજન<br>શ્રી ક્ષેત્રપાલ પૂજન<br>શ્રી દશદિક્પાલ પાટલા પૂજન<br>શ્રી ભૈરવ પૂજન<br>શ્રી ૧૬ વિદ્યાદેવી પૂજન<br>શ્રી નવગ્રહ પાટલા પૂજન<br>શ્રી અષ્ટમંગલ પાટલા પૂજન<br>શ્રી લઘુસિધ્ધચક્ર પૂજન<br>શ્રી લઘુવિસસ્થાનક પૂજન<br>શ્રી ચ્યવનકલ્યાણક<br>સ્ટેજ પ્રોગ્રામ |
| ૨/૬/૧૪<br>સોમવાર | ૦૬.૦૦<br>૦૮.૩૦<br>૧૦.૦૦<br><br>૦૨.૦૦ | શ્રી ભગવતી મંડળ પૂજન<br>શ્રી જન્મકલ્યાણક<br>૫૬ દિપકુમારીકા-હરિણગમૈષી દેવ<br>ઈન્દ્રાસન કંપાયમાન-મેરૂપર્વત<br>૧૮ અભિષેક |
| ૩/૬<br>મંગળવાર | ૦૯.૦૦<br>૧૦.૦૦<br>૧૧.૩૦<br>૦૧.૩૦<br>૦૨.૧૫<br>૦૨.૩૦<br>૦૩.૦૦ | પ્રિયંવદાદાસી<br>ફઈબા નામકરણ<br>પાઠશાળા<br>મામેરૂ<br>ભગવાનનું ફુલેકું<br>કન્યાની પધરામણી<br>વિવાહ મહોત્સવ |
| ૪/૬/૧૪<br>બુધવાર | ૦૪.૩૦<br>૦૯.૦૦<br>૦૯.૩૦<br>૦૨.૩૦ | રાજ્યાભિષેક<br>નવ લોકાંતિક દેવો દ્વારા વિનંતી<br>દીક્ષા કલ્યાણકનો વરઘોડો<br>દીક્ષા કલ્યાણકની ઉજવણી |
| ૫/૬/૧૪<br>ગુરૂવાર | ૦૫.૦૦<br>૦૬.૦૦<br>શુભ મુહુર્તે<br>૧૨.૩૯ | કેવળજ્ઞાન કલ્યાણક<br>નિર્વાણ<br>પ્રતિષ્ઠા<br>બૃહદસ્તુતિ |
| ૬/૬/૧૪<br>શુક્રવાર | ૦૬.૦૦ | દ્વારોદ્‌ઘાટન, સત્તરભેદી પૂજા |

**આ પ્રસંગે શામેલ થઈ, મહોત્સવને માણવા, દીપાવવા સ્થાનિકે મોડપુર તીર્થે પધારવા હાર્દિક નિમંત્રણ છે.**

- આપ કેટલા જણા કઈ તારીખે આવી કઈ તારીખે પરત સીધાવવાના છો?
- ટ્રેન/વિમાન/બસ કે નીજી વાહનથી આવવા-જવાના છો?
- શ્રી સંઘના ઊતારે રોકાવવા આપનું સ્વાગત છે તેમ છતાં સ્થાનિકે ઘર ખોલી રહેવાના છો?
- આપનું ઘર ખાલી હોય કે એમાં આપશ્રી ઊપરાંત અન્ય મહેમાનોનું સમાવેશ થઈ શકે તેમ છે ?
- ઊપરોક્ત વિગતો આપના સંપર્ક ક્રમાંક સરનામા અને મૂળ ગામ સહ અમને વહેલાસર જણાવશો તો, બેહતર વ્યવસ્થા જાળવવામાં અમને સહાયરૂપ થશે.
- આપના સંપૂર્ણ સહયોગની અપેક્ષા.

આપના આગમનના અભિલાષી....

કન્વીનરો :<br>
ચીમન મોતા<br>
પંકજ ધરમશી • કલ્પેશભાઈ મોતા<br>
અશોકભાઈ દંડ • પારસભાઈ મૈશેરી

**સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન નવકારમંત્ર આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુ તથા તેમના સાથીઓ દ્વારા કરવામાં આવશે**

ઉપરોક્ત કાર્યક્રમમાં સંજોગો અનુસાર ફેરફાર થઈ શકે છે.

**મોડપરતીર્થ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ**

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ
## વાર્ષિક સર્વ સાધારણ સભા

**શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘની વાર્ષિક સર્વ સાધારણ સભા** (AGM) રવિવાર તા. ૨૭.૦૪.૨૦૧૪ના બપારે ૨.૦૦ થી ૪.૦૦ રાખેલ છે.

**સભાના વિષય :**

૧. ૨૦૧૨ -૧૪ નો સર્વસાધારણ (AGM) ના મિનીટ્સનું વાંચન તથા તેને બહાલી

૨. ૨૦૧૨-૧૪ સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ અને તેને બહાલી.

૩. અધ્યક્ષની પરવાનગીથી અન્ય મુદ્દા પર વિચાર વિનિમય.

૪. ૨૦૧૨-૧૪ સંસ્થાના આર્થિક અહેવાલ રજુ કરવો.

૫. ઉપરના ચાર મુદ્દા સિવાય અન્ય મુદ્દાની રજુઆત સભા અધ્યક્ષની પરવાનગી પછી રજુ કરવા વિનંતી.

**વિશેષ સુચના : કોરમના અભાવે મિટીંગ એજ જગ્યાએ અડધા કલાક પછી લેવામાં આવશે.**

**અનુજ ગીરીશ લોડાયા : પ્રમુખ**
**ઉર્મિન જયેશ લોડાયા : માનદમંત્રી**

---

|| જય અંબેમાં ||

## શ્રી નાગડા પરિવારના કચ્છ - લાલા માં બિરાજમાન શ્રી અંબેમાને નમતા ભાવિકોને જાણાવવાનું કચ્છ - લાલામાં શ્રી અંબેમાની સમુહ પેહડી પ્રસાદ

**અષાઢી બીજ રવિવાર તા. ૨૯.૬.૧૪ ના સવારના નવ વાગે તથા તા. ૨૮.૦૬.૧૪ના સાંજના છ વાગે શ્રી રામદેવપીર (ધણીબાવા)નો પાઠ મંદિરમાં રાખેલ છે. માતુશ્રી સ્વ. લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા હસ્તે માતુશ્રી અ.સૌ. હિમાબાઈ મુરજી નાગડા (રાપર ગઢવારી હાલ ડોંબિવલી) પરિવારે લાભ લીધેલ છે. નાગડા પરિવાર તથા નિયાણી બહેનો સહ - કુટુંબ સાથે પધારવા આમંત્રણ છે.**

**આપના આગમનની જાણ કરશો, જેથી વ્યવસ્થા સાચવવા સુગમતા રહે. જય માતાજી**

પ્રમોદ ભાઈ : 09039017250
વિજયભાઈ : 09004418009
કુસુમકાંતભાઈ : 09322897342
પ્રફુલભાઈ : 09322220204
સોમચંદભાઈ : 09833816131

---

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના શ્રી

### અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના ઉપક્રમે સમુહ ઈશુરસ વર્ષીતપ પારણા તથા તપસ્વીઓના અત્તર પારણા ગુરુવાર તા. ૧૭.૦૪.૨૦૧૪

**શ્રી સંઘના ઉપક્રમે વિ સં ૨૦૭૦ આખાત્રિજ વૈશાખ સુદ - ૩, શુક્રવાર તા. ૦૨.૦૫.૨૦૧૪ના સોમૈયા ગ્રાઉન્ડ નં. ૨/૩, ઘાટકોપર (પુર્વ), મધ્યે વર્ષીતપના તપસ્વી આત્માઓના સમુહ ઈક્ષુરસ વર્ષીતપ પારણાનું આયોજન કરવામાં આવેલ છે.**

**સમુહ પારણા પહેલાં, પરંપરા પ્રમાણે વર્ષીતપના તપસ્વીઓના અત્તરપારણા શ્રી સંઘ તરફથી કરવામાં આવે છે આગામી અત્તરપારણા, વર્ધમાન તપોનિધી પ.પુ. અરુણોદયશ્રીજી મ.સા.ના. પ્ર-શિષ્યા પ.પુ. સુશીલાગુણાશ્રીજી મ.સા.ના. શીષ્યા પ.પુ. તારકગુણાશ્રીજી મ.સા. ની પાવન નિશ્રામાં ગુરુવાર તા. ૧૭.૦૪.૨૦૧૪ ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યે શ્રી કચ્છી વિશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન - મુંબઈની નવી મહાજન વાડી, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચબંદર મુંબઈ - ૪૦૦ ૦૦૯ મધ્યે રાખવામાં આવેલ છે.**

**પુજ્યશ્રીના માંગલિક પ્રવચન બાદ સમુહ પારણા મહોત્સવની આમંત્રણ પત્રિકાઓ - સીટ નંબર - પ્રવેશ કાર્ડ - માળા અને જરૂરી સુચનાઓ આપવામાં આવશે. આ પ્રસંગે સમુહ વર્ષીતપ પારણા માટે નામ નોંધાવનાર દરેક તપસ્વીને અત્તર પારણા માટે પધારવા ભાવભર્યું આમંત્રણ છે. વર્ષીતપની નિર્વિઘ્ન પુર્ણાહુતી પ્રસંગે આપ સૌ તપસ્વી આત્માઓ શાતામાં હશો.**

**લી. કલ્પેશ માણેકજી મોતા - કન્વીનરઃ સમુહ વર્ષીતપ પારણા સમિતિ**

# TEEN TWINKLE

Compilations And Contributions by

Mrs. Neelam Dalesh Momaya Mssrs. Damji Bhimji Co Station Road, Chalisgaon – 424101, Jalgaon District.

**Interesting Anecdotes**

A King had gone hunting along with his minister and retinue. They entered a forest. As the day as getting hot, they rested under the spreading branches of a mango tree loaded with juicy fruits. A boy from a nearby hut of tribesmen hurled a stone to bring down a mango. However, the stone missed its mark and hit the king's head. The king was furious. He ordered his men to seize the body and hang him to death. The minister to explain his strange conduct. The minister said. "Your Majesty, Because the stone hurt you, the king, the boy is in danger of losing his life. But suppose the stone had hit the mango tree, it would have given him a sweet mango." The king felt ashamed of his action.

**Proverbs are lamps to life :** To eat is human, to digest Divine *** Discipline is learnt in the school of adversity.

**Amazing Facts** : Crocodiles shed tears when they eat a meal! ** They float under the surface of water with only their eyes and nostrils above. *** They swallow stones, often carrying several pounds in their stomachs. The stones act as a ballast, stabilizing the crocodiles.

**Amazing figures** : *** There are about 200 different viruses that catch cold.

**** At any given moment there are about 1800 thunderstorms raging around the world, generating between them about 6000 flashes of lighting of lighting every minute.

**Think over it** : Who are truly educated?

First those who control circumstances instead of being mastered by them; Those who meet all the occasions manfully and act in accordance with intelligent thinking;

Those who are honorable in all the dealings who treat good naturedly, persons and things that are disagreeable; And furthermore, those who hold their pleasure under control and are not overcome or spoilt by success….

By the bye

Life is like a mirror, it reflects what you do. Do the best you can and the best will come back to you.

**ઝુકી તો**



**જવાય નો!**

## યાત્રા કરાવવાની ઉદ્દાતભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ચાલીસગામ સંઘના સભાસદ પુ. માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવારે પ.પુ. ગુણલક્ષ્મીશ્રીજી, પુ. જયદર્શીતાશ્રીજી પુ. હિમાશુંશ્રીજી ત્યાં પુ. હંસાવલી મસાની પ્રેરણાથી શ્રી ચાલીસ ગામ સંઘના ૮૫ તથા પોતાના સ્નેહી સ્વજન અને દીક્ષાર્થી ૧૧ બહેનો મળી લગભગ ૨૦૦ યાત્રિકોનો ચાલીસગામથી શ્રી સમતશીખરજી ઋજુવાલિકા તથા વારાણસીનો સંઘ કાઢેલ. લગભગ ૬ દિવસના પ્રવાસમાં તિર્થભુમિના દર્શન, પુજા, ચૈત્યવંદન આદિ વિધિવિધાન સાથે યાત્રા કરાવી. વિશેષ ૧૧ દીક્ષાર્થી બહેનોને લાભ મળેલ. લોડાયા પરિવારના અ સૌ. દિવ્યાબેન તથા મનીષભાઈ એ વ્યવસ્થીત આયોજન કરેલ. એવા કચ્છ કોઠારા હાલ ચાલીસગામ વિદ્યાવિહાર નિવાસી પરિવાર આગળ ઝુકી તો જવાયનો!

***- સૌ. તિલોત્તમાં રાજેન્દ્ર લોડાયા***

## ગુજરાતના વૃધ્દાશ્રમોની નવી આવૃતિઃ માનવજ્યોતનું નૂતન પ્રકાશન

માનવજ્યોત દ્વારા લોકોપયોગી સાહિત્ય પ્રકાશિત કરી મુશ્કેલીમાં સમયસર માર્ગદર્શન આપવાના હેતુથી ગુજરાતના વૃદ્ધાશ્રમોની ૫ મી આવૃતિ સુધારા વધારા સાથેની બહાર પાડી છે. તેમાં જિલ્લાવાર ૧૭૭ વૃદ્ધાશ્રમોની યાદિ, સરનામું, ફોન નંબર તેમ જ સંપર્ક માટે પ્રકાશિત કરી છે, તેમ પ્રકાશક ટ્રસ્ટી શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયાએ જણાવ્યું છે. માનવજ્યોત : નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડો. આર.પી.રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન નં. ૨૫૬૭ ૩૫૮૭ / ૨૫૯૧૯૭૫૫, સમય સોમથી શનિ ૧૦ થી ૧, ૩ થી ૬.

## લાગણીઓનો સંવાદ

**વનિતા**



**વિશ્વ**

એ શહેરમાં 'મજબુત મન અને મેનેજમેન્ટ' વિષય પર એક સેમિનાર કરવા હું ગયો . ત્યારે સેમિનાર પહેલાં મારા માટે એક નાનો સમારંભ ગોઠવવામાં આવ્યો, જેમાં મારા વિશે લોકોને ટૂંકી માહિતી આપવાનો કાર્યક્રમ હતો.

આ સમારંભનું નેતૃત્વ કરનારનું નામ હતું બ્રિગ . એ ઊંચો, વિરાટકાય માણસ. બોલે ત્યારે મેઘગર્જના જેવો ઊંડો - ઘેરો અવાજ નીકળે. જમતી વખતે એ મારી બાજુમાં હતો. કહેવા લાગ્યો, હું એક મોટી આતંરાષ્ટ્રીય સંસ્થાનાં સ્ટાફનો માથાનો દુખાવો છું.

હું તેની સામે જોઈ રહ્યો એટલે તેણે મને પોતાનું કામ સમજાવ્યું હતું. તે બોલ્યો, હું સાચે જ આવતી કાલના સેમિનારની રાહ જોઉં છું. હું ઈચ્છું છું કે દરેક જણ મજબુત થાય. કાલે તમારી વાતો સાંભળીને તેઓ જરૂર સમજશે કે મજબુત થવું એટલે મારા જેવા થવું. તેણે અટ્ટહાસ્ય કર્યું. હું હસ્યો. મને ખબર હતી કે આવતી કાલે સમજવાનું તો તેણે પોતે છે!

બીજા દિવસે સેમિનાર દરમિયાન તે એક ખૂણામાં ચુપચાપ ગંભીર બેસી રહ્યો. સેમિનાર પુરો થયો પછી વિચારમગ્ન સ્થિતિમાં મને મળ્યા વગર જતો રહ્યો.

ત્રણ વર્ષ પછી હું ફરી તે જ શહેરમાં બીજો કોઈ મેનેજમેન્ટને લગતો સેમિનાર આપવા આવ્યો. સાંભળનારામાં જાણીતા ચહેરા ઘણા હતા. બ્રિગ કહેવા ઈચ્છે તો તે જે ઈચ્છે તે જરૂર કહી શકે.

સેમિનાર શરૂ થયો ને થોડી વારમાં એ ઊભો થયો, મારે આ બધાને કંઈક કહેવું છે. કહું?

હું હસીને બોલ્યો, જરૂર, તારા જેવો મોટો માણસ કંઈ કહેવા ઈચ્છે તો તે જે ઈચ્છે તે જરૂર કહી શકે.

બ્રિગ સ્ટેજ પર આવ્યો અને કહેવા લાગ્યો, તમે બધા તો મને ઓળખો જ છો, તમારામાંથી અમુક મારામાં થયેલા પરિવર્તનના સાક્ષી પણ હશો. છતાં મારે તમને મારા પોતાના વિશે થોડું કહેવું છે. એ તમને ગમે એવી વાત છે, સાંભળજો.

જ્યારે તમે કહ્યું કે મનને જો શક્તિશાળી


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881

ગુરૂવાર બંધ

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
- સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

બનાવવું હોય તો તમારી નજીકમાં નજીકની વ્યક્તિઓ, જે હંમેશાં તમારી સાથે જ હોય છે, તેમને કહો કે તમે ખરેખર તેમને ચાહો છો. ત્યારે મને થયું કે આ અક્કલ વગરની લાગણીશીલતાની વાત છે. આનાથી વળી શું થાય? ને તેમાં પણ મન મજબુત તો કેવી રીતે થાય? તમે એમ પણ કહ્યું હતું કે મજબુતાઈ ચામડા જેવી હોય છે ને સખતાઈ ગ્રેનાઈટ જેવી પણ જે મન શક્તિશાળી છે તે ખુલ્લું, શિસ્તબદ્ધ, સ્થિતિસ્થાપક બને છે, પણ તેમાં પ્રેમ ક્યાં શું કરી શકે તે હું સમજ્યો નહીં.

એ રાત્રે હું મુખ્ય ખંડમાં મારી પત્ની જોડે બેઠો હતો. તમારા શબ્દો મારા મનમાં પડઘાતા હતા. મારી પત્નીને મારે **આઈ લવ યુ** કહેવું હોય તો તેમાં હિંમતની વળી શી જરૂર પડે? કોઈને પણ ન પડે. તમે એમ પણ કહ્યું હતું કે આ શબ્દો પ્રકાશમાં બોલજો, બેડરૂમના અંધકારમાં નહીં. મેં જોયું કે મારે ગળું ખંખેરવું પડયું અને અ..... કહીને હું અટકી ગયો. પત્નીએ મારી સામે જોયું અને પુછયું, શું કહો છો? મેં કહ્યું, કંઈ નહીં. પછી તરત હું ઊભો થયો. ઓરડામાં બે - ત્રણ આંટા માર્યા. પછી અધીરાઈથી પત્ની વાંચતી હતી, એ છાપું ખેચીં લીધું અને કહ્યું, એલિસ, આઈ લવ યુ.

એ મારી સામું જોઈ રહી. એની આંખો આંસુથી છલકાઈ ગઈ. મૃદુ સ્વરે તે બોલી, હું તને ખુબ ચાહું છું, પણ તને ખ્યાલ છે તેં મને આ શબ્દો પચીસ વર્ષ પછી કહ્યા છે.

થોડી વાર અમે પ્રેમ કઈ રીતે ગમે તેવી તાણને હળવી કરે છે તે પણ વાતો કરી અને અચાનક મેં મારા ન્યુ યોર્કમાં રહેતા દીકરાને ફોન કર્યો. છેલ્લાં થોડા વર્ષથી અમે જરૂરી વાતો સિવાય કોઈ વાત કરી નહોતી. ફોન પર તેનું હલ્લો સાંભળતાં જ મેં કહ્યું, મારા દિકરા, તને થશે મેં દારૂ પીધો છે કે શું? પણ મેં પીધો નથી. મને મન થયું કે તને ફોન કરું ને કહું કે હું તને ખુબ ચાહું છું.

ક્યાંય સુધી બીજા છેડે મૌન રહ્યું. પછી મને તેનો શાંત, ભીનો અવાજ સંભળાયો, ડેડ, હું એ જાણતો હતો, પણ મને ફરી વાર એ સાંભળવું ગમ્યું કે તમે મને ચાહો છો. હું પણ તમને અત્યંત ચાહું છું. પછી તો અમે ઘણીબધી વાતો કરી. ત્યાર પછી મેં સાન ફ્રાન્સિસ્કો રહેતા મારા નાના દિકરાને ફોન કર્યો. તેની સાથે આમ પણ હું છુટથી વાત કરતો. મેં તેને કહ્યું, આઈ લવ યુ, અને પછી ઉત્સાહથી છલકતા અવાજે અમે કદી નહોતી કરી તેવા આત્મીયભાવથી વાતો કરી.

તે દિવસે પથારીમાં પડ્યા પડ્યા મેં વિચાર કર્યો. મને સમજ પડી કે તે દિવસે જે વાતો થઈ, જે પ્રવચન થયું તેમાં સાચા મેનેજમેન્ટનું રહસ્ય છુપાયેલું હતું. હવે મારે એને યોગ્ય રીતે અમલમાં મુકતાં શીખવાનું હતું.

મેં આ વિષય પર વાંચવા માંડયું. કેટલા મહાન માણસોએ કેટલી બધી વાર આ સમજાવ્યું છે. પ્રેમનો ઉપયોગ ઘરમાં અને વ્યવસાયમાં કરતા હું શીખ્યો...... મને સમજાતું ગયું કે પ્રેમ અત્યંત વ્યાવહારિક છે. તે કોઈ આકાશી ખ્યાલ નથી.

લોકો સાથે કામ કરવાની મારી રીત ત્યારથી બદલાઈ ગઈ તે તો તમારામાંના અમુક જાણતા હશે. મેં ધ્યાનપુર્વક સાંભળવા, સમજવા માંડયું. હું શીખ્યો કે સામાની નિર્બળતાઓ પર આંગળી ચીંધી તેની સજા કરવા કરતાં તેની શક્તિઓને ઓળખી તેના વિકાસનો માર્ગ મોકળો કરી આપવો તે સાચું મેનેજમેન્ટ છે. તેમના આત્મવિશ્વાસને મજબુત બનાવવામાં મારો પણ હાથ હોય એ લાગણી કેટલી સુંદર હતી, આનંદદાયક હતી!

સૌથી મહત્વની વાત તો હું એ શીખ્યો કે લોકોને ચાહવા, તેમનું સન્માન કરવું એટલે તેમની શક્તિઓને પ્રેરવી અને તેમને ધ્યેય - અભિમુખ બનાવવા. તેમનામાં પોતાની જાત વિશે શ્રદ્ધા જગાડવી.

જો, આ મારી આભાર માનવાની રીત છે. તમારી વાત મને વ્યાવહારિક રીતે પણ ઉપયોગી નીવડી છે. હું હવે કંપનીનો એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ છું અને લોકો મને ધરીરૂપ નેતા ગણે છે, માથાનો દુખાવો નહીં. તો મિત્રો, હવે તમે જોને સાંભળો....

***- અનુવાદ સોનલ પરીખ***
***(લાગણીઓનો સંવાદ પુસ્તકમાંથી)***

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

9448138780 - Sha Lalji Manekji
9341319295 - Sha Harish Munvar

## સંચાલિત - ‘‘જીવન-સંધ્યા’’

9448186222 - Sha Dineshchand Kuverji
9448165256 - Sha Veerendra Padamshi

## તા. ૧-૧૧-૨૦૧૩ થી ૨૮-૨-૨૦૧૪ સુધી આવેલ ફાળાઓ

### નવી વીંગમાં થનાર બાંધકામ પેટે એક રૂમના દાતા

- ૧,૫૧,૦૦૦/- શ્રીમતી વીજયાલક્ષ્મી દિલીપકુમાર નાગડા, જખૌ (ગદગ) હ. પરેશકુમાર દિલીપકુમાર નાગડા. (હુબલી)

### નિભાવ ફંડ

- ૭૫૦૦/- શ્રીમતિ ગુણવંતીબેન વીસનજી લુઢીયા, રાયધણજર (કોઈમ્બતુર)
- ૫૦૦૦/- શ્રી પ્રદીપ પદમશી લાપસીઆ, કોઠારા (મુલુંડ)
- ૨૫૦૦/- માતુશ્રી ગંગાબાઈ ધનજી મૈશેરી, મોટી સીંધોડી(ડોંબીવલી) હ. વસંત
- ૨૫૦૦/- શ્રી સોમચંદભાઈ ધનજી મુનવર, જખૌ (બેલ્લારી) હ. ચેતનભાઈ
- ૨૦૦૦/- શ્રી રાજીવ બુધ્ધિધન મોમાયા, વરાડીયા (તીરૂપુર)

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરનું મિષ્ટાન ભોજન, બપોરની ચા, સાંજનું ભોજન - ૧૯૫૦૦/-

- સ્વ. શ્રી ચંદ્રકાન્ત ચત્રભુજ પટેલ, તેરા (કેલીફોર્નીયા USA) હ. ભાવેશ અને રૂપલ
- સ્વ. નિર્મલાબેન ચંદ્રકાન્ત પટેલ, તેરા (કેલીફોર્નીયા USA) હ. ભાવેશ અને રૂપલ
- સ્વ. સુરેન્દ્ર કાન્તીલાલ નાગડા, નલિયા (વર્જીનીયા USA) હ. મંજુલા અને જતીન સુરેન્દ્ર નાગડા.

### કાયમી સાંજનું સાદું ભોજન - ૫૦૦૧/-

- શ્રી અરૂણ રામજી શાહ, બાળા (ડલ્લાસ USA)
- માતુશ્રી ગંગાબાઈ ધનજી પરબત મૈશેરી, મોટી સીંધોડી (ડોંબીવલી) હ. વસંત
- શ્રી જેઠાભાઈ હીરજી છેડા, નલીયા (કાંદિવલી) હ. દેવચંદ જેઠાભાઈ છેડા

### કાયમી સવારનો ચા- નાસ્તો - ૩૦૦૧/-

- શ્રીમતિ લીલાવંતી મેઘજી મોમાયા, વરાડીયા (અંધેરી) હ. દેવેશ, મયંક, ચંદ્રેશ
- શ્રી દેવચંદ જેઠાભાઈ છેડા, નલીયા (કાંદીવલી) હ. દેવેશ, મયંક, ચંદ્રેશ

### કાયમી બપોરની ચાય - ૧૫૦૧/-

- ગં.સ્વ. ચંદનબેન નારાણજી લોડાયા, રાપરગઢવારી (ઉમરગાંવ)હ. દેવચંદ જે. છેડા
- અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ બાંઢીયા (ઐરોલી) હ. દેવચંદ જે.છેડા
- અ.સૌ. કુસુમબેન રતીલાલ પાનપારીયા, નાગ્રેચા (વડોદરા) હ. દેવચંદ જે. છેડા
- શ્રીમતી રશ્મીબેન ગીરીશ મૈશેરી, જખૌ (ઈન્દોર) હ. દેવચંદ જે. છેડા
- શ્રીમતી વીણાબેન ચંદ્રેશ શાહ, રાપરગઢવારી (કાંદીવલી) હ. દેવચંદ જે. છેડા
- શ્રી ચંદ્રેશ નારાણજી શાહ, રાપરગઢવારી (કાંદીવલી) હ. દેવચંદ જે. છેડા
- ચિ. દેવેશ નવિનચંદ્ર લાલકા, વારાપધર (થાણા) હ. દેવચંદ જે. છેડા
- ચિ. મયંક સત્યેન્દ્ર ખોના, તેરા (નાગપુર) હ. દેવચંદ જે. છેડા
- સ્વ. ત્રિકમજી લખમસી લાલકા, વરાડીયા (આદીપુર) હ. શ્રી. હિતેન્દ્ર લાલકા

### એક ટંક મિષ્ટાન્ન ભોજન આશ્રમવાસીઓ સાથે-૧૫૦૧/-

- સ્વ. શ્રી તિલકચંદ માણેકજી મોતા. નલીયા (કોચીન) હ. લતા તથા ચેતન
- સ્વ. જવેરચંદ કલ્યાણજી મૈશેરી, જખૌ હ. જયાબેન લક્ષ્મીચંદ મૈશેરી (ગદગ)
- શ્રીમતિ શર્મીલા હિતેન શાહ, દેસલપુર (કાંદિવલી) હ. હિતેન કાન્તીલાલ,
- શ્રી હિતેન્દ્ર ત્રિકમજી લાલકા, વરાડીયા(આદીપુર) સ્વ. ત્રિકમજીભાઈની સ્મૃતિમાં
- શ્રી અરવિંદભાઈ અને પરિવાર, (બેલ્લારી)
- માતુશ્રી રતનબાઈ શીવલાલ મુનવર, જખૌ (ગદગ) હ. શ્રીમતિ ઉષાબેન હરિશ
- શ્રી લાલજી માણેકજી લોડાયા, કોઠારા(ગદગ) જન્મ દિન પ્રસંગે

### એક ટંક ભોજન આશ્રમવાસીઓ સાથે-૧૦૦૧/-

- શ્રી લક્ષ્મીબેન (વંદના) ભવાનજી દામજી છેડા, નલીયા (પોન્ડીચેરી)
- શ્રીમતિ કાન્તાબેન મુલચંદ મોમાયા (ડોંબીવલી) જન્મદિવસ પ્રસંગે
- શ્રી મહેન્દ્ર દેવજી વીરજી નાગડા, રંગપુર (પુના) અર્ચના-કૌશિકના લગ્ન પ્રસંગે
- માતુશ્રી ચંપાવતી ચાંપશી લોડાયા, કોઠારા (બાગલકોટ)
- શ્રી રતનલાલ જૈન, ગદગ
- શ્રીમતિ રાખી વિક્રમ મોમાયા (મુંબઈ) ભાઈ સ્વ. ધરણેન્દ્રની પુણ્ય સ્મૃતિમાં
- શ્રી કૈલાશ ખેતશી મુનવર, જખૌ (હુબલી) ચિ. દક્ષા-નોહીલના લગ્ન પ્રસંગે
- શ્રી નિતીન જીવરાજ મોતા, કોઠારા (હુબલી) ચિ. નોહીલ - દક્ષાના લગ્ન પ્રસંગે
- શ્રીમતિ મંજુલા સુરેન્દ્ર નાગડા, નલીયા (પૂના - USA)
- એક સદગૃહસ્થ, પૂના
- ચિ. શ્લોક સૌમ્ય ખોના, (ચર્ચગેટ-મુંબઈ) જન્મ દિવસ પ્રસંગે
- એ. કે. ગ્રુપ, મુંબઈ
- શ્રી લહેરચંદ શીવજી નાગડા, નલીયા (ઘાટકોપર)

કોઈ એક વ્યક્તિ રૂ. બે લાખ ભરી પુરો રૂમ કાયમી ધોરણે અથવા પ્રવેશ ફી રૂ.૧૦,૦૦૦/- તથા દર મહિને રૂ. ૨,૫૦૦/- ભરી પોતાના વસવાટ માટે ઉપયોગમાં લઈ શકે છે.

તા. ૧-૧-૨૦૧૪ થી પ્રવેશ ફી રૂપિયા ૫,૦૦૦/- તથા દર માસિક નિભાવ ખર્ચ રૂપિયા ૯૦૦/- છે

કોઈપણ યાદગાર પ્રસંગે સંસ્થાના વડીલોને યાદ કરી ઉદાર દિલે ફાળો નોંધાવી માનવ સેવાના આ વિશાળ કાર્યમાં સાથ આપવા વિનંતી

આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુકિતને પાત્ર છે

શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ-ગદગ
HDFC બેંક - SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762
CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511

મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઢીયા - 098200 39469
શ્રી રાયચંદ હંશરાજ ધરમશી - 098200 84867

## આડી ચાવી

૧. ઘણા કાળથી ચાલતું આવેલું (૫)
૫. ..... ત્યાં જંપ (૨)
૬. નોકરી મેળવવા લગાડવી પડે (૪)
૮. મન (૩)
૧૦. બળતરા, લાય (૨)
૧૨. ખુશી, ઈચ્છા (૩)
૧૩. એક મેવો (૪)
૧૫. પાંદડું લીલું ને રંગ .... (૨)
૧૬. ઝાડની છાલનું વસ્ત્ર (૩)
૧૭. હાથ, ટેક્સ (૨)
૧૯. ઐસી લાગી ... (૩)
૨૧. એક જીવડું (૩)
૨૩. ઢગલો, રાશિ (૨)
૨૫. સીતાહરણમાં રાવણને મદદ કરનાર રાક્ષસ (૩)
૨૭. કેડે બાંધવાનો પટો (૫)
૩૦. ઝટ રડી પડે એવું (૩)
૩૩. કાળું નહીં એવું (૩)
૩૫. કાયમ, હંમેશાં (૨)
૩૬. મીઠું, લવણ (૪)
૩૭. ઊંટની નાથ (૩)

## શબ્દાનંદ



## ઊભી ચાવી

૨. દુનિયાને ઊંધા ચશ્માંની હેમા માલિની (૩)
૩. ભરેલું નહી એવું (૨)
૪. એક કઠોળ (૨)
૫. સંબંધ, સોબત (૨)
૬. પ્રસંગ, તાકડો (૨)
૭. સોના - ચાંદીની પાતળી પતરી (૩)
૮. સદ્‌ભાવ, આદર (૨)
૯. સરખા વજનનું (૪)
૧૦. જિંદગી પર્યંતનું (૪)
૧૧. ગંદુ પાણી જવાની નીક (૩)
૧૩. છાજલી કે અનેક ખાનાંવાળી ઘોડી (૪)
૧૪. રોકડા પૈસા (૩)
૧૮. ઝડપ, ઉતાવળ (૨)
૨૦. અણસમજુ, મૂર્ખ (૩)
૨૨. નકામું ફેંકી દેવા જેવું (૩)
૨૪. વહેમ, શંકા (૨)
૨૫. આર..... એક ફિલ્મઅભિનેતા (૪)
૨૬. હુન્નર - કળાવાળું (૪)
૨૮. ભરોસો, આધાર (૩)
૨૯. વાસેલું (૨)
૩૧. ન દેખાય એવી બારીક ફાટ (૨)
૩૨. સેવક (૨)
૩૪. સંજય દત્ત - ઈમરાન ખાનની એક ફિલ્મ (૨)

*- વનિતા હરીશ નાગડા (વડાલા)*

---



### સંખ્યાવન

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૩૭ પહેલેથી આપી છે.

**બે આંકડાની સંખ્યા :** ૧૪, ૧૬, ૩૪, ૩૭, ૩૯, ૪૯, ૫૬, ૬૧, ૭૧, ૭૨, ૮૬, ૯૮

**ત્રણ આંકડાની સંખ્યા:** ૧૨૬, ૨૫૧, ૩૧૩, ૩૬૭, ૫૩૪, ૫૯૪, ૬૨૧, ૭૬૮

**ચાર આકડાની સંખ્યા :** ૧૪૬૮, ૧૯૪૭, ૨૩૫૭, ૩૨૭૪, ૩૭૮૫, ૪૩૨૬, ૫૮૨૬, ૫૯૪૨, ૫૯૨૧, ૬૨૧૯, ૭૭૨૯, ૮૬૪૯, ૯૩૪૭

**પાંચ આંકડાની સંખ્યા :** ૧૮૯૪૩, ૧૨૭૮૬, ૩૨૮૩૫, ૫૧૪૨૯, ૫૬૪૨૩, ૬૩૧૩૭, ૬૫૧૪૩, ૭૧૨૮૩, ૮૭૨૫૪, ૮૯૬૪૭, ૮૧૩૨૬

**છ આંકડાની સંખ્યા :** ૧૪૫૩૨૮, ૫૩૮૩૨૭, ૮૩૨૯૭૫

**NUMBER GAME IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 14, 16, 34, 37, 39, 49, 56, 61, 71, 72, 86, 98

**3 Digit Nos :** 126, 251, 313, 367, 534, 594, 621, 768

**4 Digit Nos :** 1468, 1947, 2357, 3274, 3785, 4326, 5826, 5942, 5921, 6219, 7729, 8649, 9347

**5 Digit Nos :** 18943, 12786, 32835, 51429, 56423, 63137, 65143, 71283, 87254, 89647, 81326

**6 Digit Nos :** 145328, 538327, 832975



# સ્વયંસિધ્ધા દ્વારા અનંતછાયા ઘાટકોપર પાસે છાસ કેન્દ્ર






**સ્વયંસિધ્ધા :** ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર સંસ્થા દ્વારા તા. ૧૪.૩.૧૪ ફાગણ સુદ તેરસના ઘાટકોપરમાં ૯૦ ફીટ રોડ, અનંતછાયા પાસે મફત છાસ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું.

ઉદઘાટન પ્રસંગે જી.વી.સી જૈન સંઘના પ્રમુખ શ્રી. કીરીટ લાપસીયા, ડો. કાન્તિલાલ દંડ, ચાંપશીભાઈ શાહ, સમીર નાગડા, ઝવેરીલાલ ભેદા, નરેશ શાહ વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા.

આ પ્રસંગે દાતાઓએ ઉદાર દિલે સંસ્થાને દાન આપીને સહયોગી થયા હતા. લગભગ ૧૦૦ જેટલા આમંત્રિત મહેમાનો ઉદઘાટન પ્રસંગમાં ઉપસ્થિત હતા.

આ પ્રસંગના મુખ્ય મહેમાન શ્રીમતી ભારતીબેન પ્રેમચંદ નાગડા હતા. કીરીટભાઈએ દીપ પ્રાગટય કરીને તેમજ ભારતીબેન નાગડા એ રીબીન કાપીને છાસ કેન્દ્રનું ઉદઘાટન કર્યું . સ્થાનિક નગરસેવિકા શ્રીમતી ફાલ્ગુની દવે પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

દરરોજની ત્રણસો ગ્લાસ જેટલી છાસનું વિતરણ કરવામાં આવે છે.











યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

લોકસભાની ચુંટણીની તારીખો નજીક આવી રહી છે. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જેવી પ્રગતિશીલ જ્ઞાતિએ ૧૦૦ ટક્કા મતદાન કરવું જોઈએ એવાત ધ્યાનમાં રાખીને આપણે તો મતદાન કરીએ પરિચિતો સૌ ને મતદાન કરાવીએ.

- તન-મન પરિવાર

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ
SHIKHARJI ™
Continental
MADHUBAN - JHARKHAND
06558-232429

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## સાંયરા ખાતે ધ્વજા મહોત્સવ

સાંયરા નગરે ૧૩૬મો ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ ધામધુમપુર્વક યોજાયેલ. તા. ૨.૩.૨૦૧૪ ના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા શ્રી મણિલાલ કુંવરજી લોડાયા તરફથી ભણાવેલ, મહાકાળી માતાજીની ભાવના માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયા હસ્તે પદમશીભાઈ તરફથી ભણાવેલ.

તા. ૩.૩.૧૪ના બપોરના ૧૮ અઢાર અભિષેક પ.પુ. મુનિરાજશ્રી કંચન સાગરજી મ.સા.ની નિશ્રામાં થયેલ. આ પ્રસંગે સંગીતકાર શ્રી કિશોરભાઈ સાંગાર ગુણાપુરીવાલાએ વિધિવિધાન સહિત સંગીતની રમજટ જમાવેલ. અઢાર અભિષેકમાં ચંદ્રદર્શન માતુશ્રી દમયંતીબાઈ વાલજી ઠાકરશી લોડાયાએ કરાવેલ, શાંતિકળશનો લાભ માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવારે લીધેલ.

આરતીનો લાભ માતુશ્રી ધનબાઈ વેલજી લોડાયાએ લીધેલ તા. ૨.૩.૧૪ થી તા. ૪.૩.૧૪ સુધીની સાધર્મિક ભક્તિનો લાભ શેઠશ્રી રતનશી કુંવરજી લોડાયા હસ્તે માતુશ્રી દમયંતીબાઈ રતનશી લોડાયા અને સુપુત્રો ગામ સાંયરા હાલે ડોમ્બિવલીવાલાએ લીધેલ.

આ કાર્યક્રમને સફળ કરવામાં આપેલ સેવાઓ રતીલાલભાઈ પદમશી ધ્રોળ, હીરાચંદભાઈ પટેલ, હીરાચંદભાઈ જલગામવાળા, નરેન્દ્રભાઈ, દામજીભાઈ, કલ્પેશભાઈ, મહેન્દ્રભાઈ, પ્રેમચંદભાઈ, હસમુખભાઈ, પ્રકાશભાઈ, બિપીનભાઈ, સંજયભાઈ, સતિશભાઈ, વંકાજી બાપુ, રાજુલાબેન, મધુબાઈ, ખમાવંતીબાઈ, ભાગ્યવંતીબાઈ, વગેરે એ સેવા આપેલ. તા. ૪.૩.૧૪ના નવી ભોજનશાળાનો ખનન વિધિ શ્રી પ.પુ.મુનિરાજ શ્રી કંચન સાગરજી મ.સા.ની. નિશ્રામાં શ્રી અ.સૌ. કલ્પનાબેન વિજયભાઈ મોમાયા તથા શેઠ શ્રી દામજીભાઈના હસ્તે કરવામાં આવેલ.

## કે.ડી.ઓ. જૈન સિનિયર સીટીજન ડિગ્નીટી ક્લબનો પંચગીની મહાબળેશ્વર પ્રવાસ

કે.ડી.ઓ. જૈન સિનિયર સીટીજન ડિગ્નીટી ક્લબે તા. ૨૪ મી થી તા. ૨૯ મી માર્ચના ૪૫ પ્રવાસીઓ જોડે પંચગીની મહાબળેશ્વરનો પ્રવાસ કર્યો.

તા. ૨૪ મી સવારના બસમાં પ્રસ્થાન કરી શ્રી શંત્રુંજય તિર્થધામ (પુના) ગયા, ત્યાં દર્શન કરી જમીને બાલાજી ધામની મુલાકાત લઈ પંચગિની રાજલક્ષ્મી આરોગ્યધામ પહોંચ્યા.

તા. ૨૫મી સવારના દર્શન પુજા કરી જુનું મહાબળેશ્વર જોવા ગયા. ત્યાંના બધા પોઈન્ટની મુલાકતા લીધી. પ્રતાપગઢનો નજારો પોઈન્ટ પરથી જ જોયો કારણ પ્રતાપગઢનું ચઢાણ બધા માટે અસંભવ હતું. ત્યાં રસ્તામાં સ્ટ્રોબેરીનો બગીચો નિહાળ્યો અને ત્યાં ફ્રેશ સ્ટ્રોબેરી ક્રીમ વીથ આઈસ્ક્રીમની મજા માણી. ટેબલલેન્ડ પર ટાંગામાં ફર્યા અને ત્યાંથી સામે દેખાતા પોઈન્ટોનો નજરો માણ્યો. ત્યાં શ્રીમતી દિનાબેન અને સતિશભાઈ (ઘાટકોપરવાળા) એ બધાનો આઈસ્ક્રિમનો રસાસ્વાદ કરાવ્યો. મંડળના સેક્રેટરી વનિતા નાગડાએ લાલુ પ્રસાદના લગ્ન નામક હાસ્યસ્પદ હાઉસી રમાડી.

તા. ૨૬ મી સવારના દર્શન પુજા કરી (શ્રી સંભવનાથ, શ્રી મહાવીર સ્વામી) તાપોલા જતાં રસ્તામાં શ્રી આદેશ્વર દાદાની ભવ્ય પ્રતિમાવાળા દેરાસરજીના દર્શન કર્યા. તપોલામાં અઢી કલાક બોટીંગની મજા માણી. સામે કિનારે શ્રી દતાત્રયનું મંદિર છે, જ્યાં ઘણા લોકો ઉપર ચઢી દર્શન કરી આવ્યા. મેપ્રો - માલા - મનામા ફેક્ટરીની અને વેચાણ કેન્દ્રની મુલાકાત લીધી. મંડળના પ્રમુખ શ્રી રતીલાલ વાલજી ખોનાએ પ્રમુખપદે ૧૦ વર્ષ પુર્ણ કર્યા તે નિમિત્તે મંડળના સેક્રેટરી શ્રીમતી વનિતા હરીશ નાગડાના અનુરોધ અને સૌ પ્રવાસીની સમંતિથી શ્રી રતીલાલભાઈનું

શ્રીફળ અને શાલથી બહુમાન કર્યું.

તા. ર૭. મીની સવારે દર્શન પુજા કરી મહાબળેશ્વાર ખરીદી માટે ગયા. બપારે મહાબળેશ્વરમાં વિન્નીલેકમાં બોટીંગ કરી, ફર્યા . બગીચા રેસ્ટોરેન્ટની મુલાકાત લીધી.

તા. ર૮માં દેવદર્શન કરી રસ્તામાં કમલઅલી દર્ગાની મુલાકાત લીધી. પછી શંત્રુંજય તિર્થમાં જમી, દર્શન કરી કલીંગરની જયાફત માણી જેના દાતા શ્રીમતી ઝમકુબેન ખોના (થાણા) હતા.

ને નીરાની (પીણું) મજા (શ્રી લલીતભાઈ લોડાયા એ સેન્ડહસ્ટ રોડ) કરાવી પછી શ્રી કાત્રજતિર્થની જાત્રા કરી, સમુહ ચૈત્યવંદન કર્યું. પાર્શ્વપદમાલય (તળેગાવ)ના દર્શન કરી નારાયણીધામ (લોનાવલા)ના દર્શન કર્યા પછી સંચેતી ભવન (લોનાવલા) માં સ્વાદિષ્ટ વાળુકરી મુંબઈ પાહોંચ્યાં.

## ભાંડુપ નવકાર જાપનો પાંચમો મણકો

રવિવાર તા. ૧૬ માર્ચના શેઠશ્રી નરશી નાથા સભાગૃહમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ સહ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપના આયોજને માતુશ્રી શાંતાબેન હીરજી મોણશી (નવાવાસ) દ્વારા ૬૫૦ જણ ભક્ત જનોએ નવકાર નિષ્ઠ શ્રી જયંતભાઈ રાહીના સથવારે છલકાતા ભાવોએ નવકાર મણકો ઉલ્લાસ પુર્વક સંપન્ન કર્યો.

આ અવસરે પ.પુ. સા. શ્રી સુશીલગુણા શ્રીજી મ.સા., પુ. સા. શ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા પાંચ પધારતા અવસર અણમોલો રહ્યો. પુ. સા.શ્રી. સુશીલગુણાશ્રીજી મ.સા.એ. મહાજનશ્રી સંઘ આયોજનકર્તા અને રાહી સાહેબની અનુમોદનાએ બીરદાવ્યા.

શ્રી કુમાર દંડે સૌને આવકારી અન્ય ધાર્મીક પ્રસંગોની માહીતી આપી . લાભાર્થી પરિવારે જય જિનેન્દ્ર ના નાદે આવકારી રૂા. ૧૦/- ની પ્રભાવના કરી ૬૫૮ ભાવીકોની ઉભરતા ભાવે નવકારશી કરાવી.

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ, વડોદરા

છેલ્લા ૧૦ વરસથી પાલીતાણા છ ગાઉ યાત્રાનો લાભ લેનાર ભાગ્યશાળી માતુશ્રી નીર્મલાબેન કુંવરજી લાલકા પરિવારે આ વરસે પણ પાલીતાણા છ ગાઉયાત્રાનો લાભ લીધેલ.

તા. ૧૩.૦૩.૧૪ ગુરૂવારના બાપોરના વડોદરાથી બસ દ્વારા ૪૯ યાત્રિકોની સાથે પ્રયાણ કરી વયમાણતીર્થે દર્શન ચા - પાણી, તગડી દર્શન- ચોવીહાર કરીને અયોધ્યાપુરમ દર્શન કરીને રાત્રે પાલીતાણા પહોંચ્યા.

તા. ૧૪.૩.૧૪ શુક્રવાર સવારના પાલીતાણા છ ગાઉની યાત્રાની પરિક્રમા કરેલ. રાત્રે પાલીતાણાથી પ્રસ્થાન કરીને સુખરુપ વડોદરા પરત આવેલ. યાત્રિકો તરફથી રૂા. ૧૪૦ નું સંઘ પુજન કરવામાં આવેલ.


**E.C.E. TEACHER TRAINING COURSE**
(4 MONTHS CERTIFICATE COURSE )
**Regular Batch: Monday To Friday**
**New Batch starts on**
and
**PHONICS TEACHER TRAINING COURSE**
(1 Week certificate course)
**L .N. MEHTA ED. CLASSES**
Yogesh Sadan,Hing wala Lane,
Ghatkopar (E) Mumbai- 400077
**Phone:25014824 \25014870 \ 9821285541**



**મુનવરે ભાવિકો .... ચાલો જખૌ......**
**કુળદેવી માતાજીનાં સ્થાને ભાવિકોની વિશાળ ઉપસ્થિતિમાં સમુહ પહેડી**
**તા. ૧૫.૦૪.૨૦૧૪ મંગળવાર,**
**સવારે : ૯ કલાકે નવચંદી હવન,**
**સાંજે : ૬ કલાકે**
**સમુહ પહેડી, સમુહ આરતી**
જોડી - જોડી હવનમાં બેસી શકાશે. આ પ્રસંગે સર્વે મુનવર ભાઈ - બહેનોને પધારવા આગ્રહભરી વિનંતી છે. આવવાની જાણકારી અગાઉથી આપશોજી.
**મુલચંદ પદમશી મુનવર** (માતાજીનાં ભુવા)
મો. 09898533192 / 09904187688



**અસલ કલા-કસબનો સમન્વય**
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

## શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી.ના ચેરમેનપદે શ્રી મહેન્દ્ર દેવજી ખોના

ACBL Estd 1984

શ્રી અરિહંત કો. ઓ. બેંકના ચેરમેનપદે તા. ૧.૪.૧૪ થી શ્રી મહેન્દ્ર દેવજી ખોના નિયુક્ત થયા છે. વાઈસ ચેરમેનપદે કલ્યાણજી ચાંપશી છેડા ચાલુ રહ્યા છે. વર્તમાન બોર્ડ ઓફ ડાયરેક્ટર્સનો કાર્યકાલ તા. ૩૧ માર્ચ ૨૦૧૬ સુધી છે. શ્રી કુમાર દંડે ચેરમેનપદ અને ડાયરેક્ટરપદેથી રાજીનામું આપ્યુ છે.

## કે.ડી.ઓ કલાસિક ના નવા પદાધિકારીઓ


હીરાચંદ દંડ

કે.ડી.ઓ. ક્લાસિકની નવમી દ્વિવર્ષીય ચુંટણી શનિવાર, તા. ૨૯.૦૩.૨૦૧૪ના એકર્સ ક્લબ, ચેમ્બુરમાં સંપન્ન થઈ. જેમાં વર્ષ ૨૦૧૪/ ૨૦૧૬ના બે વર્ષ માટે પ્રમુખ : શ્રી હીરાચંદ દામજી દંડ (મંજલ રેલડીયા / અંધેરી), ઉપ - પ્રમુખ : એડવોકેટ શ્રીમતી મીનલબેન ભરત ખોના (સુથરી / નવી મુંબઈ), માનદ મંત્રી : શ્રીમતી સરસ્વતી જયંત લાપસીયા (રવા/માટુંગા), માનદ સહ - મંત્રી : શ્રીમતી ચંદ્રિકા ચેતન લોડાયા (રવા / ચેમ્બુર) અને માનદ કોષાધ્યક્ષ : શ્રી ચાંપશી ડુંગરશી હેફા (જખૌ/મુલુંડ) બીનહરીફ ચુંટાઈ આવ્યા હતા.


શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર

(રંગપુર-કોઈમ્બતુર)




### અશ્રુભિની શ્રધ્ધાંજલિ

ચિ. અંકીત રામજી છેડા

ગામ નાના ભાડીયા (હાલ-ડોમ્બિવલી)

સ્વ. તા. ૦૩.૦૪.૨૦૧૪

અંકીતના આકસ્મિક નિધનથી ગ્રુપને મોટી ખોટ આવીછે. ગ્રુપે યુવા કાર્યકર્તા ગુમાવ્યો છે. પ્રભુ એના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ

જયેશ જૈન, ગોવિંદજી પટેલ,
પ્રવિણ મોતા, કિરણ દંડ,
કુસુમ લાલકા, વિનોદ લાલકા

### વાર્ષિક શ્રધ્ધાંજલિ



જન્મ : ૧૨.૦૬.૧૯૫૭

અરિહંત શરણ : ૧૩.૦૪.૨૦૧૩

**સ્વ. હરીશ વેલજી લોડાયા (પીર)**

ગામ - મંજલ રેલડીયા હાલે - ગાંધીધામ

આપના નિધનને આજે એક વર્ષ થયું.
આપનો પ્રેમાળ, માયાળુ સ્વભાવ, કુટુંબ પ્રત્યેની લાગણી ભૂલાય તેમ નથી.
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના!!!

પત્ની : નુતન હરીશ લોડાયા (પીર)
પુત્રી : માનસી હરીશ લોડાયા (પીર)
પુત્રો : નયન તથા ચિરાગ હરીશ લોડાયા (પીર)

શોકાતુર પરિવાર :

સ્વ. વેલજી મેઘજી લોડાયા (પીર) મંજલ રેલડીયા પરિવાર
શા. હીરાચંદ નરશી નાગડા પરિવાર - પરજાઉ

### અનંત યાત્રાની પાંચમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



ગામ : સાંધવ : મુલુંડ

દેહ વિલય : ૧૦.૦૪.૨૦૦૯ ડોમ્બિવલી

**સ્વ. શ્રી. ઠાકરશી લાલજી શામજી લોડાયા (પટેલ)**

મળે છે દેહ માટીમાં... પણ માનવીનું નામ જીવે છે!
મૃત્યુ પામે છે માનવી પોતે.. પણ તેના સત્કર્મો જીવે છે!
"અંજલિ આપનાં શબ્દો ખુટે છે ...
શ્રધ્ધાંજલિ આપતાં, પુષ્પો ખૂટે છે."

ગં.સ્વ. વિમલાબેન ઠાકરશી પટેલ
અ.સૌ. વિજયા ગોવિંદજી લાલજી પટેલ

| | |
|---|---|
| પુત્ર - પુત્રવધુ | : અ.સૌ. પ્રિયા વિપુલ ઠાકરશી પટેલ |
| | અ. સૌ. ભાવના રાજેશ પટેલ |
| દિકરી - જમાઈ | : અ.સૌ. ભાવના ચંદ્રેશ સોની- કાંદિવલી |
| | અ.સૌ. ધારણી કિંકેશ મૈશેરી-ડોમ્બિવલી |
| પૌત્ર - પૌત્રી | : નેવલ, સ્મિત, પલક, પ્રિયાંશી |
| દોહિત્રી - દોહીત્ર | : કૃપા, ઈશીતા, વૃષ્ટિ, કિશ્ક |

# ॥ "ફઈબા" વિનમ્ર આદરાનંજલી ॥



## સ્વર્ગવાસ – તા. ૨૬.૦૩.૨૦૧૪, બુધવાર ઉમ્ર ૮૫ વર્ષ

સ્નેહલ "બા" ફઈબા અમારી
બાળ મુકી ગઈ રજડતા
ધાર્યો નોતું આવુ દુઃખ
કોને કહેશુ દુઃખડા અમારા
કોણ ચિધંશે માર્ગ સાચો
પકડશે કોણ આંગણી અમારી
લખમી તૂ હતી લક્ષ્મી-સરસ્વતી
ભાઈઓ ની "બહેન" નહી "દીકરી" તૂ
થાકે નહી કહેતા લખમી લખમી
માંથુ મુકશું કોના ખોરે
પડે સમજ નહીં અમને
હૃદય માં રહેજે તૂ હમેશા
દેજે સદૈવ "દેવલોક" થી આશીર્વાદ
ભુલીએ માર્ગ તો ચિંધજે માર્ગ સાચો
સદૈવ પ્રેરણા રહે અમારી સાથે....

---

શ્રી લખમશી નરપાર લોડાયા પરિવાર
શ્રી પ્રેમજી નરપાર લોડાયા પરિવાર
શ્રી શિવજી નરપાર લોડાયા પરિવાર
શ્રી સનત્ નરપાર લોડાયા પરિવાર
શ્રી લાલજી નરપાર લોડાયા પરિવાર
સમસ્ત શાહ પરિવાર, રાયપુર, મુંબઈ, બૈંગલોર, મદ્રાસ

## જ્ઞાતિના મહાજનો અને ટ્રસ્ટોને અંદાજ પત્રક બનાવવાના કરેલ આગ્રહ સંબંધે પ્રકાશ - સમીક્ષાને સાંપડયો સકારાત્મક પ્રતિભાવ (ગતાંકથી ચાલુ)

શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ, (ઘાટકોપર-મુંબઈ) એ ચેરીટી કમીશ્નર દફતરે ફાઈલ કરેલ પોતાના ટ્રસ્ટના ૧લી એપ્રિલ ૨૦૧૪ થી ૩૧ માર્ચ ૨૦૧૫ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્રની એક નકલ પ્રકાશ - સમીક્ષાને મોકલી છે અને તે રીતે જ્ઞાતિ સમક્ષ પોતાના ટ્રસ્ટના વહીવટે પારદર્શિકતા બક્ષી છે. તે બદલ તેમણે પણ જ્ઞાતિવતી અભિનંદન આપીએ.

આ અંદાજપત્રક અનુસાર ટ્રસ્ટીઓ બે પ્રકારના બંડોળ મેળવી, બે પ્રકારની પ્રવૃત્તિ કરવા ધારે છે.

સંસ્થાનાં ઘાટકોપર પશ્ચિમ કામાલેન લક્ષ્મી નિવાસ, ખાતેની મિલકતના પુનઃ વિકાસના ચોક્કસ ધ્યેય માટે એટલે કે વિદ્યાર્થીગૃહના નવ નિર્માણ માટે રૂા ૧૩ કરોડની રકમ એકત્ર કરી તે માટે ખર્ચ કરવા ધારે છે.

સંસ્થા રૂા. ૨૫ ૧૧ ૩૧૫ સામાન્ય દાનથી, મિલકતના ભાડામાંથી રૂા. ૪૦૦૦૦, વ્યાજમાંથી ૧,૮૪,૯૧૮, શેરના ડીવીડંડ માંથી ૩૯૦૦૦, લવાજમ અને લોન પાછી આવવામાંથી રૂા. ૬,૧૮૦૦૦, થાપણ પાછી આવવામાંથી ૬,૨૫૦૦૦ની આવક થશે એમ ધારે છે.

તેની સામે મકાનની વ્યવસ્થા માટે રૂા. ૨૫૦૦૦, વહીવટી ખર્ચ : ૮૦૭૫૦૦, પગાર પેટે રૂા. ૪૬૩૨૦૦, રીપેરીંગ માટે રૂા. ૫૦૦૦૦ નો તેમજ સંસ્થાના ઉદ્દેશ્યો પાર પડાવા શિક્ષણ અંગે ૨,૮૫,૮૧૫, ભોજનાલય માટે ૧૪,૨૦,૦૦૦ તથા વિદ્યાર્થીઓના કલ્યાણમાટે ૧,૫૦,૦૦૦નો ખર્ચ કરવાનું ધારે છે.

આ બધું થયા બાદ સંસ્થા પાસે હાતમાં અને બેંકમાંની રૂા. ૫ લાખ જેટલી રોકડ ૧૩ લાખથી વધુ થશે એવી ધારણા છે.

આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ છે : ૧. શિવજી વિકમશી, ૨. ગોવિંદજી લાલકા ૩. હિરાચંદ દંડ, ૪. હંસ ખીમજી, ૫. પદમશી સોની, ૬. ઠાકરશી ગોસર, ૭. કમલેશ વિકમશી, ૮. કિરીટ લાપસિયા, ૯. દમયંતીબેન શાહ, ૧૦. પદમશી લાલકા, ૧૧. મણીકાંત ધુલ્લા, ૧૨. હિતેશ મોતા, ૧૩. નયન ભેદા, ૧૪. કલ્પરાજ ધરમશી, ૧૫. હેમાંગ ધરમશી.

### કે.ડી.ઓ. કલાસિકના વિદેશ પ્રવાસ

કે.ડી.ઓ. કલાસિકના સભાસદોનો આઠમો વિદેશ પ્રવાસ ૧૨ દિવસનો જાપાન/ કોરીયાનો આયોજેલ છે. ૪ થી એપ્રીલના જાપાન જવા સભાસદો રવાના થશે. મે / જુનમાં માનસરોવર યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

### શેત્રુંજય મુક્તિ સમ્યજ્ઞાન અભ્યાસક્રમ

પ્રકાશ સમીક્ષાના તા. ૧૫ - ૨૧ માર્ચના એકના ૧૪ પાના પર પ્રગટ થયેલ શેત્રુંજય મુક્તિ સમ્યકજ્ઞાન અભ્યાસક્રમના સમાચારમાં સુધરવાનું કે તેની કેન્દ્રીય પરીક્ષા ૨૦ એપ્રિલ ૨૦૧૪ના બપોરના ૨ થી ૪ દરમિયાન યોજાશે એમ ઓરંગાબાદથી શ્રીમતી કાશ્મીરા વિનોદ લોડાયાએ જણાવ્યું છે.

### ।।વિનમ્ર શ્રદ્ધાંજલી ।।



સ્વર્ગવાસ - તા. ૨૬.૦૩.૨૦૧૪, બુધવાર
ઉમ્ર ૮૫ વર્ષ

સોનબાઈ - ત્રિકમજી સોની (ખજુરવાલા) પરિવાર વડાલા
લીલબાઈ - જેઠાભાઈ મોમાયા પરિવાર મુલુન્ડ
વાલબાઈ - હંસરાજ ખોના પરિવાર ઘાટકોપર

**નેત્રદાન કરેલ છે.**

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જૂનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મેઘરાજ જી ખોના** | ૧૬૦૨, સિલ્વર હાઈટસ, શાંતિ ઈનસ્ટ્રીયલ ઈસ્ટેટની સામે, એસ એન રોડ, તાંબે નગર, મુલુંડ (પ), - ૪૦૦૦૮૦ |
| **વસંત કેશવજી ડાઘા** | ૭ બી, બિજા માળે, પંચશિલ કો.ઓ.હા.સો.લિ. ૫ રસ્તા કોર્નર, દેવિદયાળ રોડ, મુલુંડ (પ) ૪૦૦૦૮૦ |
| **દિલીપ એલ. લાલકા** | ફ્લેટ નં. ૧૦૩, દેવ શર્વણા, નિલરેશા કો.ઓ.હા.સો.લિ. નવઘર લેન નં- ૨, મુલુંડ (પુ) ૪૦૦૦૮૧ |

**નવા/બદલાયેલા ફોન નંબર**

| | | | |
|---|---|---|---|
| **વસંત કેશવજી ડાઘા** | 09224129905 | **દિલીપ એલ. લાલકા** | 022 - 25631573 |

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૦૩.૧૪ | સાયન | પુનીત કુસ્તુરચંદ દામજી દંડ (શાહ) | વરાડીયા | ૨૯ |
| | - | બરખા અશોક રાઘવજી નાગડા (શાહ) | સાંધાણ | ૨૮ |
| ૨૩.૦૩.૧૪ | અંધેરી | ચિરાગ જીવનભાઈ દમાણિયા | દમણ | ૨૯ |
| | અંધેરી | શિવાની જયેશ મણિલાલ દંડ | લાલા | ૨૩ |

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૩.૧૪ | નવી મુંબઈ | પ્રણય લલીત વિરચંદ મોતા | કોઠારા | ૨૭ |
| | થાણે | હિમાંશી રાજેશ હીરજી લોડાયા | સુથરી | ૨૭ |
| ૦૪.૦૨.૧૪ | મુંબઈ | નિતલ ઉત્તમ કલ્યાણજી ખોના | કચ્છ કોઠારા | ૩૨ |
| | માટુંગા | કાર્તીકા મનીષ હીરજી લાલકા | સુજાપુર | ૨૭ |
| ૦૮.૦૨.૧૪ | મુલુંડ | નયન હસમુખ લક્ષ્મીચંદ ધરમશી | જખૌ | ૨૮ |
| | મલકાપુર | ઊર્વી કુમારપાળ તિલોકચંદ દંડ | વરાડીયા | ૨૩ |

**આંતરજ્ઞાતિય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૧૨.૧૩ | મુલુંડ | પ્રતિક શૈલેન્દ્રભાઈ મંગલકુમાર શાહ | ઘોઘા | ૨૭ |
| | ભાંડુપ | તોરલ હંસકુમાર લક્ષ્મીચંદ છેડા | સુજાપુર | ૨૭ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૦૩.૧૪ | પુના | વિજય રતીલાલ કેશવજી લોડાયા | સુથરી | ૫૯ |
| ૨૯.૦૩.૧૪ | ઘાટકોપર | ગંગાબાઈ કેશવજી દેવજી લોડાયા | તેરા | ૮૦ |
| ૩૦.૦૩.૧૪ | ડોંબિવલી | હિરાવંતી શાંતિલાલ શામજી ધુલ્લા | સુથરી | ૭૩ |

## સાંધવ ગામના લાલ છતાપીરની પહેડી

સાંધવ ગામના લાલ છતાપીરની પહેડી પ્રસાદ તા. ૨૦.૪.૧૪ રવિવારના ભાંડુપ નરશીનાથા સભાગૃહ, અનંત સિધ્ધીમાં સવારના ૯.૩૦ કલાકે માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના પરિવાર તરફથી રાખવામાં આવેલ છે.

સાંધવ ગામાના વીર વાછરાદાદાની પહેડી પ્રસાદ તા. ૨૦.૪.૧૪ રવિવાર ભાડુંપ જૈનમ હોલમાં સાંજના ૪.૦૦ કલાકે માતુશ્રી હિરાવંતીબેન તિલકચંદ લોડાયા ગામ બારોઈ હાલે મુલુન્ડ વાળાએ લાભ લીધેલ છે.

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ,day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# વર્લ્ડ જૈન કોન્ફેડરેશન દ્વારા સમાજનો સર્વાંગીણ વિકાસ વિશે પરિસંવાદ




વર્લ્ડ જૈન કોન્ફેડરેશન દ્વારા ૩૦ મી માર્ચ ૧૪ ના સ્વાતંત્રીય વીર સાવરકર સભાગૃહ - દાદરમાં મહાવીર જયંતિ નિમિત્તે ભગવાન મહાવીર જન્મ કલ્યાણક ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ. જેમાં જૈન ધર્મ દ્વારા સમાજનો સર્વાંગીણ વિકાસ વિષય પર એક પરિસંવાદનું આયોજન પણ કરવામાં આવેલ.

સમારોહમાં કોન્ફેડરેસનના ચેરમેન શ્રી અરૂણ આર. મહેતા, સેક્રેટરી જનરલ શ્રી ચેતન્ય કશ્યપ, શ્રી. ભુપેન્દ્ર છેડા, શ્રી. સુબોધ ગાર્ડી, શ્રી. મોફતરાજ મુણોત, શ્રી. વી.સી. કોઠારી, શ્રી સિધ્ધાર્થ કાશ્યપ સહિત અનેક જૈન અગ્રણીઓ ઉપસ્થિત હતા. મુખ્ય અતિથિ તરીકે ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ જયપુરના સંસ્થાપક, પદ્મભુષણ શ્રી ડી. આર મહેતા ખાસ જયપુરથી પધારેલા. અન્ય વક્તાઓમાં ડો. પ્રિયદર્શના જૈન - ચેન્નઈ અને ડો. વેદ પ્રતાપ વેદિક - દિલ્હી થી ખાસ ઉપસ્થિત હતા.

શ્રી અરૂણ આર. મહેતા સંસ્થાના ચેરમેન દ્વારા અતિથિ અને શ્રોતાઓનું સ્વાગત કરવામાં આવ્યું. શ્રી ચેતન્ય કશ્યપ સંસ્થાના સેક્રેટરી જનરલે સંસ્થાના કાર્ય અને ઉદ્દેશ્યની માહિતી આપી. શ્રી વી. સી. કોઠારીએ આ કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું.

વક્તાઓએ જૈન ધર્મ અને ભગવાન મહાવીરના અહિંસા, અનેકાંત, અપરિગ્રહ, સંયમ અને મુખ્ય સિધ્ધાંત જીવો અને જીવવા દો ના અનુસરણ દ્વારા સંપુર્ણ વિશ્વમાં સંરક્ષણ અને આતંકવાદ મુક્તિની સાથે સામાજીક અને આર્થિક વિષમતાઓનું સમાધાન સંભવ છે એ વિષેની માહિતી આપી.

મૂખ્ય અતિથિએ સર્વધર્મ સમભાવ અને વિશ્વ બંધુત્વ પર પ્રકાશ નાખ્યો. વક્તાઓને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા. શ્રી ચેતન્ય કશ્યપ જેઓ હાલમાં થયેલ ચુંટણીમાં ભારે બહુમતથી રતલામ, મધ્યપ્રદેશ વિધાનસભામાં વિધાયક ચુંટાઈ આવ્યા છે તેમનું શ્રી. અરૂણ આર. મહેતા દ્વારા બહુમાન કરવામાં આવ્યું.

શ્રીમતી વિદ્યા શાહે આ કાર્યક્રમનું સંચાલન અને શ્રી ભુપેન્દ્ર છેડાએ આભાર વિધિ કરવામાં આવેલ.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**